નેકબખત તેહમિના

યાને

રંજનો બદલો ગંજ.

નાટક ત્રણ અંકી.

વિક્ટોરિયા નાટક મંડળીને સારૂ ખાસ રચીને બનાવનાર

મી૦ ફીરોજશાહ રૂસ્તમજી ખાટલીવાળા

તે સરોદે અવસ્તા, ફિરોજી ગાયન વિગેરેનો કર્તા.

મુંબઈ:

ન્હાનાભાઈ રૂસ્તમજી રાણીનાના યુનિયન પ્રેસમાં છાપ્યો છે.

૧૮૯૦.

કિમત આઠ આના.

નાટક તખ્તો.

રશીદ ...... શાહેનશાહ નૌશાદનો ઇરાંની સપેહસાલાર.

ગુલખોર્શેદ .. રશીદની બાનું.

તેહમિના .. રશીદની બેટી.

ગુર્ગસાર .... }
કુર્ગસાર .... } રશીદના બદખસ્લત બેટા.

બેહરામ .... રશીદનો ભાઈ.

નૌશાદ .... તુર્કસ્થાનનો શાહેનશાહ.

રોહેલ ...... તુર્કસ્થાનનો શાહેનશાહજાદો.

કસેવજ .... નૌશાદનો વઝીર.

માઝ્યાર .. શાહેનશાહ નૌશાદનો એલ્ચી તથા તેહેને તાબેના હારાન શહેરનો હાકિમ.

કામુસ .... માઝ્યારનો વડો અકાબર તથા અમલદાર.

ચકલેહ .... માઝ્યારનો હકીમ.

હોસીબ .... હમાવરાનનાં કેદખાનાનો દારોગો.

ચોર, ભરવાડ, ગોવાળ્યા, સિપાહિયો, મુસાફરો, કાસદ, નકીબ, નૌકર, ચમરીબરદાર, રામશાગર, સાકી, ઇત્યાદિ.

મુકામ—તુર્કસ્થાન, હારાન, હમાવરાન, યમન, ઇત્યાદિ.

૪૨૯૮

બ નામેં યજદાન.

દિબાચો.

નાટકની શોકીન પ્રજા સામને આ માહરો અદના ગાયન-યુક્ત ખેલ "નજર" તરીકે પેશ કરવાની અરજ કરી એ અદના "નજર"ની **કીમત, કદરની** ન દરકાર કરતાં **સાહેબે દિલ** શખ્સો તરફથી હું જેહવા **બેદિલ** શખ્સને ઉત્તેજન આપવા ખાતર ઉદાર દિલથી સ્વીકારવાની ઈનાયત ચાહુંછું.

ચાનક સાથે રમુજ અને નીતિ આપવા સારૂ નાટક જેહવી ઉમદા તાસીરવાળી અકસીર બીજી કોઇ ચીજ નથી; જે દિલપર વિજળીની ઝડપે તથા જાદુના જેહવા ચમતકારથી અસર કરે, ત્યારે તેહવા પ્રકારની અકસીરને થોડે ઘણે દરજ્જે ઉત્તેજન આપવામાં ખામી નહી, પણ ખુબી છે.

આ નાટક મેં નાટક કરતા તરીકે લખવાની હિમ્મત કિધીજ નથી, પણ ફકત માહરી **સરોડે અવસ્તા, ફિરોજી ગાયન** નામની ન્હાની કિતાબોએ પ્રજામાં પ્રસન્નતા મેળવવાથી—માહરો લખેલો એક ખરીદેલો ખાવિંદ નામનો નાટક પારસી નાટક મંડળી મારફતે ભજી બતાવવામાં આવ્યોછે; પણ છાપી પ્રગટ કરવામાં આવ્યો નથી, તે, તથા માહરો બીજો—આ નાટક, દુન્યાજ જ્યારે મોહટું નાટકનું મંદીર છે ત્યારે તે મંદીર માહેલી મુર્તિની પુજા સારૂ ઉપર ચહડવાના પહેલાં પગથિયાં તરીકે બનાવાની અજમાયશ કિધી છે. નાટક લખવાનું કામ કેટલું બીકટ છે, તથા તેમાં કિયા કિયા રસ સૃંગાર હોવા જોઇયે તથા પ્રવેશ પાત્રોની રચના કેહવા પ્રકારની થવી જોઇયે તે અનુભવ મેળવવાનું કામ કાંઈ સેહલ નથી હેવું મેં જાણી લીધુંછે. આ માહરો નાટક માહરી અદના સમઝ મુજબ કલ્પનાથી બનાવ્યોછે, અને તે, રસ, કસ તથા જસ, કેહવા પ્રકારનો મેળવશે તે શોકીન પ્રજા પોતાના દિલનેજ પુછી જોય.

ઈરાની ખેલથીજ ગુલજાર નગરી મુમ્બઈમાં જરથોશ્તીઓએ પેહલો નાટક ભજી બતાવ્યો હતો. બાદ નાટકની ફતેહથી ઈરાની નાટકો-

થીજ થઈ હતી, અને લામ્બી મુદત થઈ તે ઈરાની દોર દમામ અને રાહ રસ્મ, ફરતા ચર્ખોના ચલણ મુજબ ઉપર જઈ નીચે પડી હતી, તેને જેમ તેમ ફેરવી ફેરવીને પાછી ઉપર લાવવાની મેં કાંઈક પેરવી કિધી છે. સ્થળ, રાહ રસ્મ તથા રચના, તવારિખને આધારે અસલ કિતાબોપરથી કિધી છે. એ નાટકમાં ઈરાની અને તુરાની વચ્ચેનો અન્તર, ઈરાની જુસ્સો, હિમ્મત, સચ્ચાઈ અને કૉલનો એતેકાદ, એ સંધું પ્રથમ, કેટલા દરજ્જા સુધી હતું તે દેખાડવાની કાંઈક નજીવી કોશેશ કિધી છે. બાહાદૂર, સતવચની અને વફાદાર તેહમિના આ નાટકમાં નાયકા થઈ ઇન્સાનને આ ક્ષણભંગુર દુન્યામાં કેહવી પ્રકારે વર્તવું તેનો અચ્છો બોધ આપેછે, જેની ખૂબી જોવાથીજ જણાશે.

આ માહરી પેહલી કોશેશમાં કાંઈ ગલતી અથવા ગફલતી થઈ હોય તો તે માટેની દરગુજરનો ઇનસાફ શોકીન સાહેબોનીજ મુનસફીપર સોંપુંછું.

આ માહરા નાટકને જાણીતી અને પ્રજાને માનીતી વિકટોરિયા નાટક મંડળીજ ઘટતો ઇન્સાફ આપશે અને વિકટોરિયા નાટક મંડળી-જ જો તખ્તાપર ભજી બતાવે તો આ ખેલને તખ્તાપર લાવવો, નહીં તો નહીં લાવવો, હેવો માહરો ઇરાદો મંડળીના સાહસીક માલેક મી૰ બાલીવાળાએ જાણી, આ નાટક પોતાની મંડળી મારફતે ભજી બતાવાનો જિમ્મો લઈ મહને ઉત્તેજન આપ્યું છે, તે માટે તથા આ નાટક પ્રથમ બનાવ્યો તે વખતે ઘણો લામ્બો હોવાથી ઘટતા સીનોનો ઘટતો ફેરફાર કરી તેને ટુકો કરવા તથા ઘણીક કીમતી સલાહ માટે એ માહરા લાયકીવાળા મિત્રની હું ફતેહ ઇછી અંતઃકરણથી એહ-સાન માનુંછું.

બાકસાર,

ફિરોજ રૂસતમજી બાટલીવાળા.

નેક ખસલત તેહમિના

યાને

રંજનો બદલો ગંજ.

બાબ પહેલ્લો—દેખાવ પહેલ્લો.

હુમાવરાનનું બંદીખાનું.

[બંદીખાનામાં રશીદ તથા ગુલ્બોરોદ અફસોસ કરતાં
જણાયછે; તેહમિના બાજુએ બેસી સિવેછે.]

શાહ ઇંગ્રેજી—Uncle Ned.

રશીદ—થોડા દમની સમજે જિન્દગી; ઇનસાન બને બદ તોય,
કબુ તે ન કરે રબની બંદગી, નિતનું જિવતર જો હોય;
બસ નહિ તે ડરે, ઘર પકડ કરે, કપટી કામમાં દિન રાત,
મારે ફાડ નહિ જોય ખરે, ભાઈ બ્હેન ન જાત જમાત.
(કોરસ)—છે સહુ મતલબ વાત, મારે લાત,
જોય ન દિવસ ન રાત;
પટકે, ઝટકે, અટકે ન કબૂ બદી કરતાં બદજાત.
મેં તો તકસીર કિધી નહિ કસી, વિન વાંક થયો હું કેદ,
બદનાં કરતૂક બુરાંથી ફસી, નહિ ગાફિલ સમજું ભેદ;
વિન મ્હોત મરૂં, ગમ જિગર ધરૂં, સમજો જાલિમો બદજાત,
મારે ફાડ નહિ જોય ખરે, ભાઈ બ્હેન ન જાત જમાત.
(કોરસ)—છે સહુ મતલબ વાત, મારે લાત,
જોય ન દિવસ ન રાત;
પટકે, ઝટકે, અટકે ન કબૂ બદી કરતાં બદજાત.

દેખી સરદાર ઇરાંની ભલો, સુલતાન મ્હને બહુ ચ્હાય.
તલપી નિત જોઈ તુરાંની જળો, મનમાં ચટપટ જો થાય;
નહિ વળિયું સિધું, બસ કપટ કિધું, કરવા તાલથી મુજ ઘાત,
મારે ફાડ નહિ જોય ખરે, ભાઈ બ્હેન ન જાત જમાત.
(કોરસ)---છે સહુ મતલબ વાત, મારે લાત,
જોય ન દિવસ ન રાત;
પટકે, ઝટકે, ખટકે ન કબૂ બદી કરતાં બદજાત.
[રશીદ રડેછે, ગુલખોર્શેદ તેહને મનાવેછે, રશીદ
તેણીને દૂર થવા કેહછે.]

હમીર કલ્યાણ—ગજલ.

હવે બસ છોડ ઓ પ્યારી મ્હને એકાંત મરવા દે;
તજી કમ્‌બખ્ત મુજને તું સદા દુખમાં સબરવા દે.—હવે.
ખરી યા જુઠ જેબી થઈ સજા તે ફકત મુજને છે;
ખમી મુજસાથ જ્યાદા કાંય દુખ ધુંવા પજરવા દે.—હવે.
પહેલાં જહાર ત્યાં આયો, હતી જે બાળ તેહમીના;
કિધું શું તેણિએ કે તું નજર જગપર ન ઠરવા દે.—હવે.
ગયાં દસ સાલ દુખમાં રહમ નહિ આવી અરે શાહને;
તરક કર સાથ લઈ બેઠી, મ્હને મુજ કામ કરવા દે.—હવે.
[ગુલખોર્શેદ, રશીદને બેજાર જોઈ તેને હિમ્મત સાથે
દિલાસો આપેછે.]

ભૂપ—ગજલ.

ગુલખોર્શેદ–દિલબર તુજ સંગમાં, ખુશ રહું હસી હસી;
દુખ છતે તુરંગમાં, બસ રહું વસી વસી.—દિલબર.
અગર બ્હેસ્તમાં પડું, વગર તું તહાં લડું;
મગર સાથ નહિ રડું, દુજખમાં ફસી ફસી.—દિલબર.
ફરજ છેજ આરતી, નહિ તજે કબૂ પતી;
દુખ ગણી સુખો અતી, જિગર દે ધસી ધસી.—દિલબર.

અબયાત.

રશીદ———જુવાની તહારો રખે બ્હાર બળતો!
સખીનો રખે કોઈ ભંડાર બળતો!

દુખોથી રબે કોઈ દાતાર બળતો!
રબે નારનો નેક અવતાર બળતો!

ગુલ્‌ખોરશેદ—જુવાંની ખુરીનો સરસ બ્હાર બળજો,
ભલે, સૂમના લાખ ભંડાર બળજો,
ખુની ને દગલબાજ દાતાર બળજો,
તજે જેહ ખાવિંદ તે નાર બળજો.

[રશીદ ગુલ્‌ખોરશેદને ગલે લગાડેછે, પણ પોતાનો ભાઇ યાદ આવવાથી ફરી અફસોસ કરેછે.]

હમીર—ગીત.

રશીદ——બ્હેરામ મહારો ક્હાં ગયો.
ઘડિઘડિ પળપળ બસ કરૂં હરદમ;
ભાઈ તુજ યાદ, ક્હાં ગયો.—બ્હેરામ.
કબુ ન ખમત વિપત સખત, રઝડત રવડત.
મુજ છુટકો ઝટ કરત, તુરત લઈ દાદ, ક્હાં ગયો.—બ્હેરામ.

અબ્યાત.

ગુલ્‌ખોરશેદ—વહાલા ધરો ધીર મળશે જરૂર;
ચ્હાશે અગર રબ, નથી કાંઈ દૂર.

રશીદ——ગયો તીસ સાલો થયાં નેકનામ.
કરી તે ઈરાંની વતનને સલામ;
નથી સાંભળ્યું કે કહાં છે મુકામ,
હતે તો ખરે આવતે બહુજ કામ.

ગુલ્‌ખોરશેદ—ખુદાની ખુશીનું થયું ને થશે,
રૂદન કે હરખથી ન ઉલટું જશે;
કબૂ તો ખુશી ને કબૂ તો ગમી,
તહેના હુકમને રહીયે નમી.

[રશીદને પોતાના બેટાઓની યાદ આવવાથી આહેનો દમ ભરી વધુ અફસોસ કરેછે.]

રશીદ——હવે કેમ સાંખું જુલમ છે ખુદા,
થયા બેહુ બેટાબિ મુજથી જુદા.
વિસારી મ્હને મૌજ મારે સદા,
ન કરતા ફરજનુ કરજભી અદા.
[રશીદ અફસોસ કરેછે, તેહમિનાથી દખી નહી શકા-
વાથી ઉઠીને બાપને દિલાસો આપેછે.]

તેહમિના—ગયા ભાઇઓ તો બલા ગઈ, જવા દો;
થયા બેવફા તો બલા ગઈ, થવા દો.
કજાને હવાલે કરી જાન મ્હારો;
કરૂં તો ખરી છુટકારો તમ્હારો.
[રશીદ તથા ગુલઓરોદ વિલાપ કરેછે, તેહમિના બંધે
હાથ જોડી ખુદાની જનાબમાં અરજ ગુજારેછે.]

કલ્યાણ—ગીત.

બસ દુખ ક્યમ આ સાંખું;
ઓ ખુદા તું મદદ કર મુજને,
જોડી દસ્ત નમું હું તુજને.—બસ.
મુજ અવતાર બળ્યો આ જગમાં;
જો ફરજી ફળ હું નહિ ચાખું.—બસ.
મ્હારાં પ્યારાં ઓ માબાપો, તુરત હુકમ મુજને બસ આપો,
મુજને ઝટપટ થઇછે ચટપટ, આ મુજ જિગર દુખેછે આખું;
ડરી કરો ના બોફ મનમાં, ફરી ફરી હું એકેર વનમાં,
અરજ શાહને યમન જઈ કરવા હિમ્મત રાખું,
માંથું ફોડી તોડી બંદો બેરાક બોલી નાંખું.—બસ.

ચોપાયા છંદ.

રશીદ——બાપ થકી દુખ બેટી સહે તો, બેટીને તો જશ છે;
મ્હોત ભલું પણ તેહ બાપને, જે એ આફત વશ છે.
તેહમિના——બાપ સમાન બગીચો ક્હાં છે, માતા જેવો મેવો;
એથી ઉમદા સુખો કહાં છે, તે બાવાજી ક્હેવો!
[તેહમિના ગળે લાગી, જવા ચ્હાયછે; પણ રશીદ
તથા ગુલઓરોદ તેણીને અટકાવેછે.]

કલ્યાન જિલ્લો—પદ.

રશીદ—— } અરે તેહમિના કાંય હવે તું અમને બસ છોડેછ;
ગુલખોર્શેદ— } એક દુઃખમાં રડતાં મેળી, બીજું ઝર જોડેછ.—અરે.
રશીદ——નહી, બિયાબાનોથી પૂર મ્હારી મંજિલ છે દૂર;
વિન પૈસે જાંણી બૂજી તું કાંય બદન તોડેછ.—અરે.
ગુલખોર્શેદ—નથી જાણતી ઓરતની આફતને તું નાદાંન;
સમજ સમજ રે બેટી, દુખમાં કાંય જિગર રોડેછ?—અરે.

કાફી—ગજલ.

તેહમિના—અદા મુજ ફર્જ કરવાને, નથી હું જાનથી ડરતી;
નથી જંગલ નદી નાળાં, નથી મેદાનથી ડરતી.—અદા.
હજારો કાપવા ફરસંગ નહિ હિમ્મત કબૂ છોડું;
દરદ કે થાક ભુખ આફત, નથી તોફાનથી ડરતી.—અદા.
હમેશાં બસ હિદાયત નેક રાખી હું અશોઈમાં;
દગલબાજો, બુરા, જાલિમ, નથી શયતાનથી ડરતી.—અદા.
મરદનો આજથી પોશાક હું તો લઇને માદર;
નિભવવા દામની ઇજ્જત, નથી સુલ્તાનથી ડરતી.—અદા.

[તેહમિનાને પોતાના ચુસ્ત ઠડાવ પર જોઇ રશીદ
તેણીને જવા કેહેછે.]

બરહન્સ—ગજલ.

રશીદ——બજિદ તું સતાવેછ જ્હારે મ્હને;
ખુદાને હવાલે કરૂંછું ત્હને.—બજિદ.
કદરદાંન તું ફક્ત બેટી બની;
તજ્યો જ્હાર બેટા બુરા બે જને.—બજિદ.
અરચ કાજ વીટી અરે આપ લે;
મ્હને જ્હાર મ્હોતાજ કીધો ધને.—બજિદ.
નિઘેબાન ત્હારો થજો દાદગર;
ફતેમંદ કોશીશ ત્હારી બને.—બજિદ.

કુંડળિયો.

તેહમિના——માબાપોની તો દુઆ હમેશ આમિન થાય;
તેમજ દીધી હાય તો કબૂ ન ખાલી જાય;

કશું ન ખાલી જાય વાયની ગોળી છૂટી,
જેમ તીર જમ હાથ લાખમાં મારે ચૂંટી;
હું આજે જાઉંછ કૃતેનો લેઈ છાપો;
ઉતરૂં આફત પાર નમું જો નિત માબાપો.
[તેહમિના, રશીદ તથા ગુલ્‌ઓર્શીદને પગે પડી ભગ-
લગીરી કરૂંછે.]

બયત.

રશીદ——નથી છોડતી જહાર તું જિદ્દ ત્હારી;
ભલે જા, ખુદા દે ત્હને નેક યારી.
[રશીદ તથા ગુલ્‌ઓર્શીદ, તેહમિના જાયછે તેણીને દર-
વાજા સુધી બાગલમાં દાબી મુકવા જાયછે.]

બાબ પહેલો—દેખાવ બીજો.

હામાન શહેરનું મેદાન.

[ગોવાળિયા ઢોરોના ચોર વિશે અફસોસ
કરતા દાખલ થાયછે.]

રાહ ઇંગ્રેજી—My love she's but a lassie yet.

ગોવાળિયા——નિત જંજાલી આ છે છે છે, બસ દ્હાડ રાતે બે બે બે
વળિ જ્યાં સુતે, ગાયો ખૂટે, સરસ તફડાય મેં મેં મે
કરતાં મ્હોં દુખે (ટાળવાંની ત્રણ ટચકારી)
જિભથી ના થાય (જબાંની ત્રણ ટચકારી)
પગ બહુ ચૂંજે, હોઠો સૂજે, ન કશુ વિસરાય
(હોઠની ત્રણ ટચકારી.)—નિત.
જમિયેછે મેથી ગપ ગપ ગપ, ખમિયેછે મુક્કા ધપ ધપ ધપ,
બકરાં ખૂટાં, ડાચાં ફૂટાં, જબર જમીં સ્લાપ ઝપ ઝપ ઝપ.

ગુંગણો———નહિ રાતે ખાધું ઓ ઓ ઓ,
બોબડો———ચમડી ફાટીછ જો જો જો,
તોતરો———નહિ ઢોરોના તો ચોરોની ખબર મળતીજ હો હો હો-નિત.

અબયાત.

ગોવાળિયો—હોશિશી કીધા વિના પત્તો ન મળશે ચોરનો,
ગુંગણો———એમ રડતાં નહિ અટકશે ધાંણ યારો ઢોરનો,
તોતરો———જોઇયે સંતાઇને હલ્લો કરીયે જોરનો,
બોબડો———જો કભુ સપડાય તો રસ્તો બતાવ્યે ઘોરનો.

[ચોર પકડવાના ઇરાદાથી ગોવાળ્યા હાંય બાંય થઇ જાયછે, એક ચોર બકરૂં ચોરવાના ઇરાદાથી દાખલ થાયછે.]

જિલ્લો બરહન્સ—લાવણી.

ચોર———છે આજ કાલ તો ધૂમ તડાકો યારો;
ધમધુકાર ચાલે રોજગાર હાં મ્હારો.—છે.
જે દિનથી હું આ જંગલમાંજ ફરૂં બસ,
બે ચાર ઉચાપત બકરાં રોજ કરૂં બસ,
પી દુધ ગાય બકરીનું, પેટ ભરૂં બસ,
ઘડિયાં ઘડિયાંઽર ધ્યાન હમેશ ધરૂં બસ;
ફરશે ફુમ્બા પીટવા એજ મુજ ધારો.—ધમ ધુકાર.
[ચોર કામળી નાખી એક બોકડલું બગલમાં મારેછે.]
ગ્વાળોના પોટ્ટા માર શેઠના ખાશે,
પણ બંદા તો બેસીને ખ્યાલો ગાશે.
[ગોવાળ્યા ધસારો કરી આવીને ચોરને બાંધીને માર મારેછે.]

સઘળા———દોડો દોડો ચોર તો રહ્યોછે આશે,
ગુંગણો———આવો પકડો યારો ન્હાસી નહિ જાશે;
બોબડો———બાંધો જકડો મુક્કી લાતોથી મારો.
સઘળા———એ વગર નથી કંઇ દિગર હવે તો ચારો.—છે.

[ગોવાળ્યા ચોરને ઝાડ સાથે બાંધેછે એક છોકરો ગામમાં ખબર આપવાની સુચના કરેછે.]

દોહરો.

ગોવાળિયો——જાઉંછું હું ગામમાં, ખબર આપવા આય;
જોજો ખૂબ તપાસજો, નહિ ન્હાસી એ જાય.
ગુંગણો———જઈને જલ્દી સર્વને, લાવ બુલાવી ભાઈ;
ત્યાં લગ અમ હ્યાં રીજિયે, ગાયન નાચી ગાઈ.

[અંદરથી એકાએક શોર પુકાર સાથ વાઘ આવવાની ખબરનો આવાજ આવેછે. બેહરો ઉલટુંજ સમજી ઉલટા જવાબ આપેછે.]

બોબડો———અરે વાઘ આયો વાઘ!
બેહરો———અહાં ફાગ ગાઈ ફાગ, કરો નાચ રંગરાગ, મળ્યો આજ ખૂબ લાગ.
તોતરો———અરે વાઘ આયો વાઘ!
બેહરો ———શું આગ લાગી આગ?
ગુંગણો———અરે આગ નહિ વાઘ!
બેહરો———ડસ્યો કોણને નાગ?
ગોવાળિયો——અરે નાગ નહી વાઘ! મુવા જાનવર અથાગ!

[ગોવાળ્યો ચાલા કરી વાઘ આવવાની ખબર કરેછે, જેથી બેહરો ઘભરાઈને નાહસવા માગેછે.]

બેહરો———અરે વાઘ આયો વાઘ? હવે ભાગ ભાઈ ભાગ.

[સર્વે ગોવાળ્યા ન્હાસી જાયછે, ચોર અફસોસ કરે છે.]

મુસદ્દસાત.

ચોર———દિઠી કોણ કમબખ્તની શકલ યાર!
અરે આજ ઘરથી નિકળતાં બહાર;
જહેની અસરથી થયો આજ ઠાર,
ફુટો ભેદ મોટો ટુટો રોજગાર;
ઘણા રોજ નિભતે ખરે આ વ્યપાર,
બુરાં બખ્તથી હુંજ બનિયો શિકાર.
નહાસી ગયા સાંભળી વાઘ નામ,
સહૂ કોઈ, એ તો થયું નેક કામ;

નહી તો બહૂ માર ખાતે ગુલામ,
વખતપર થતે જહાંનનેખી સલામ;

[સામનેથી તેહમિનાને આવતી જોઈને.]

અરે! પણ ખરે હાંજ આવેછ કોઈ,
ફરી દાવ માંડુંછ હિગામ જોઈ.

[સામનેથી તેહમિનાને આવતી જોઇ ચોર ફરેબ કરેછે.]

જંગલો—પદ.

અરે! દાદગર તું મ્હને લે બચાવી, ખરેખર ફસ્યો હાય!
બદબખતથી હું સહૂ કઈ ગુમાવી.—અરે.

[તેહમિના આવી લાગેછે અને ચોરને તવળતો જોઈ
ઉભી રહી સાંભળેછે, ચોર અનજાન થાયછે.]

મ્હને ઝાડ સાથે ગયા હાય બાંધી, અરે કોઈ છોડો;
લુટી માલ ચોરો ગયા બહુ સતાવી.—અરે.

[તેહમિના જાહેર થાયછે.]

તેહમિના—જરા ધીર ધર હું ત્હને ભાઈ છોડું, સબર તો ધરી લે;
બિયાબાન ના શોરથી દે ગજાવી.—અરે.

[તેહમિના ચોરને છોડેછે, ચોર ઉપકાર માનેછે.]

મુસદ્દસ.

ચોર———ભલાંથી ભલું થાય બદથી બુરાઈ,
સખાવત સખીથીજ ઠગથી ઠગાઈ;
ભલે માલ મિલકત ગઈછ લુટાઈ,
શુકર પામિયો નેક તુજથી રિહાઈ;
વખાણું અરે શું તહારી ભલાઈ,
ખુદા ખેર કરજો, રજા લૌંછ ભાઈ.

[ચોર નમીને જાયછે, તેહમિના આસાયશ માટે બેસેછે.]

અબયાત.

તેહમિના—ખુદા તું નેક હિદાયત મ્હને એવીજ દેજે,
સદા રાખી અશોઈમાં મહારી દાદ લેજે.

બની હું નેકખ્વાં હરદમ ભલાં કામો કરૂં બસ,
સદા ત્હેમાંજ સમજું આપ જહાંને સુખ ખરૂં બસ.
મુરાદી મંઝિલે પ્હોંચાડ જલ્દીથી મ્હને તું,
દફે મુશ્કિલ બને જો દાદગર રહબર બને તું.

[કુર્ગ તથા ગુર્ગ દાખલ થાયછે અને તેહ્મિનાને એકલી જોઈ તેણીને લુટવાની પેરવી રચેછે.]

શુકર છે કે પિદરની વેચતાં વીટી મળીછે,
મહોરો વીસ કે જે તેહની યાદી ભલી છે.
અરે ઓ દાદગર તું મેલ બરકત નેક એમાં,
પુગું હું ત્હાં સુધી થાએ ભલું ગુજરાન જેમાં.

[તેહ્મિના મોહરો ગણેછે, કુર્ગ તથા ગુર્ગ લુટવા વિશે મસલહત કરેછે.]

અબયાત.

કુર્ગસાર——જરદાર આ શિકાર અજબ હાથ લાગિયોછ!
ગુર્ગસાર——ખુશ થાઇ ભાઇ નાચ નસીબોજ જાગિયોછ.
કુર્ગસાર——ટપકાવ દેઈ થાપ,
ગુર્ગસાર——ગજબ ભાઈ તું કરેછ,
કુર્ગસાર——બોચી દબાવ યાર,
ગુર્ગસાર——અરે બેસ ક્હાં મરેછ.
કુર્ગસાર——ટોટો પિસુંછ ચાલ,
ગુર્ગસાર——કબૂલુંછ એજ વાત,
કુર્ગસાર——ને તું ખિસું તપાસ,
ગુર્ગસાર——પડું નહિ કબૂ પછાત.

[કુર્ગ તથા ગુર્ગ ધસી આવી તેહ્મિનાનો ટોટો પકડેછે.]

ચુપ, જબાં બસ બંધ કર બદજાત તું;
ચું કિધું તો તુર્ત ખાસે લાત તું.

[બંધે તેહ્મિનાને ઉંચકી ઝાડ સાથે બાંધેછે.]

તહતુલ લફ્જ.

તેહ્મિના——દુખે મરૂંછ હું અજાણ ના જફા કરો;
અરે ખુદાઈ બાકથી તમે જરા ડરો.

તમામ પાસ હોય તેહ લઇને ભલે;
અરે છુટો કરો મ્હને, દિલે દયા ધરો.
[કુર્ગ તથા ગુર્ગ મોહરો કાહડી સામનેથી આવતા
ગોવાળ્યાઓને જોઈ ન્હાસવા ચાહેછે.]

અગ્યાત.

કુર્ગસાર——બિરાદર શિતાબી કદમ તું ઉઠાવ;
યહાં કોઈ આવેછ, પળ ના ગુમાવ.
[કુર્ગ તથા ગુર્ગ ન્હાસી જાયછે, તેહમિના પોતાના
બદબખ્ત માટે અફ્સોસ કરેછે.]

તેહમિના——રે બોલ મેદ બોલ જરા આસમાન તું;
બેઢંગ તુજ રંગતથી છો અજાણ હું.
નેકો હમેશ રંજ સહે, તુજ કહેરથી;
બદજાત કાંય રહેછ મધન તુજ મહેરથી?
બાતેન વાત તાહરી જાહિર ન કોઇને;
સબરો શુકર કરૂંછ સિતમ આજ જોઈને.
[ગોવાળ્યા ભરવાડ સાથે આવી તેહમિનાને લાત મુ-
ક્કીથી મારી ખુશીમાં આવી નાચેછે તથા ગાયછે.
તેહમિના નવા સિતમથી બેસુધ થાયછે.]

માંડ કાલિંગડો——ગરબી.

ભરવાડ અને ગોવાળ્યા— } નાચો બિરાદરો રંગમાંરે આજ.—નાચો.

ચાર મહીને નામદાર હાથ લાગા,
મ્હેરબાન સારૂ ઘણી રાત જાગા;
ઢોરો લૈ જાતા, ડુમ્બા બહુ ખાતા,
દૂધે છે માતા, રંગે છે રાતા;
સપડાયાછ બુરા ઢંગમાં રે આજ.— નાચો.
[ગામમાં ખબર આપવા ગયલો છોકરો આવી
તેહમિનાને અનજાણ જોઇ બધાને રોકેછે.]

એક ગોવાળિયો--આ તે નથી ભાઈ ચોર જેહ બાંધ્યો,
તે તો હતો કોઈ મસ્ત એક સાંઢ્યો;
ઉંચો ને કારો, છોડો બકારો,
એને ના મારો, પાછા સિધારો;
નાહક લુટોછ જાન જંગમાં રે આજ.—નાચો.

[ભરવાડ તેહ્‌મિનાને છોડેછે અને તેણીને બેસુધ જોઈ મુવેલી સમજી ધભરાયછે.]

બયત.

એક ભરવાડ-ભાઈ એ તો મારતાં ગીયો ચસી;
ન્હાસ નહિ તો ખુનમાં જઇશું ફસી.

[ભરવાડ તથા ગોવાળ્યા ન્હાસી જાયછે, તેહ્‌મિના આસ્તે આસ્તે હોશમાં આવી પોતાની કમનસીબીપર અફસોસ કરેછે.]

કેદારો—ભુજંગી છંદ.

તેહ્‌મિના——અરે બખ્ત બુરાં મ્હને કાંય મારે?
દુખીપર સિતમ કાંય જ્યાદા ગુજારે?
સિવા તું નથી કોઇની હાય યારી,
કરો, ઓ ખુદા જેમ મરજી તમ્હારી.
હતું પાસ તે તો ગયા હાય લુટી,
મહોતાજની તો મુરાદોજ ટૂટી,
હટું ન્હિ કદી જો જફા હોયે જારી,
કરો, ઓ ખુદા જેમ મરજી તમ્હારી.

[નાતવાન હાલતે તેહ્‌મિના જાયછે, બીજી તરફથી બેહરામ સફરી અસબાબ સાથે દાખલ થઈ, વિસામો લેવા બેસી, સામનેથી દેખાતાં શાહેરને જોઈ પોતાના વતનને યાદ કરેછે.]

૨૧૯ ઇંગ્રેજી.—Over the garden walls.

બેહરામ.——બસ જોઈ નજર જે ઠરે, વતન યા વતન,
જિગર ઝટ હરખે ભરે, વતન યા વતન;
ન સુખ અને ચમન ગમે, પરમુલકમાં બસ હરદમે,
મગર ટળવળતો ભમે, વતન યા વતન.
(કોરસ) વતન યા વતન, અમુલ્ય તું રતન,
જતન કરે, સુખી ઠરે, યહાં ધરે, જિન્નત ઝરે,
બહેશ્ત બાગ છે ખરે, વતન યા વતન.
બહુ જો સુરજ ત્યહાં તપે, વતન યા વતન,
સરસ મહૉ સમ તે ખપે, વતન યા વતન;
ન દુખ કષ્ટ દરદ વસે, સુખ માનતાં હરદમ હસે,
જિગર ન મુફલસી ડસે, વતન યા વતન.
(કોરસ) વતન યા વતન, અમુલ્ય તું રતન,
જતન કરે, સુખી ઠરે, યહાં ધરે, જિન્નત ઝરે,
બહેશ્ત બાગ છે ખરે, વતન યા વતન.

જિંઝોટી—ગીત.

બહુ મુલક મુલક ભટકી ભટકી,
બચપણથી તન ઝટકી પટકી;
બસ યાદ વતનની મન ખટકી.—બહુ.
ચીન હિન્દમાં તીસ વરસની મુદત ખોઈ અટકી અટકી.—બહુ.

[કુર્ગ તથા ગુર્ગ તેહમિનાને જોવા આવેછે મગર બેહરામને તથા તેના હાથમાંના ગવહરને જોઈ ખુશ થાયછે.]

ઇરાંન વતન જવશ ક્યારે, જ્યાર ગવ્હર આવેચશ ત્યારે,
હરખી હરખી, ઘરને પરખી, સહુને નિરખી નિરખી,
રહેશ ગળાંએ લટકી;
રશીદ મ્હારો, ભાઇ પ્યારો, ગમ ખાનારો, એકજ યારો,
છે કે ન્યારો, થયો જગત દુખથી છટકી.—બહુ.

[કુર્ગ તથા ગુર્ગ ફરેબથી બેહરામની મુલાકાત કરી, ભરમ જાણી લેઇ, તેને ફંદામાં નાખેછે.]

અબયાત.

કુર્ગસાર———અય ભલા સાહિબ નમુંછું, કે જરા તપકીર છે?
બેહરામ———હા, સુખે લ્યો, સરસ આ હિન્દની અકસીર છે.
ગુર્ગસાર———મ્હેરબાની થઇ, જરા કહેશો તમ્હારૂં નામ શું?
કાંહથી આયા તમે ને છે તમ્હારૂં કામ શું?
બેહરામ———નામ છે બ્હેરામ મ્હારૂ હિન્દથી આયોછ હ્યાં;
ગવ્હર મોટું પાદશાહી વેચવા લાયોછ જ્યાં.
પાયતખ્તે લૈ જવુંછ શ્હેનશાહની પાસ તે;
ઓ ખુદા ક્હારે થશે મ્હારી પુરી બસ આસ તે.

ઝિંઝોટી—ગીત.

કુર્ગસાર———યજદાંપર જે કોઇ રાખે બસ વિસવાસ,
કરશે દુખ હર કોઈ ત્હેનો નહિ કશ્રુ નાસ.
પરવર આનચિત અરજ સુણી,
સફળ કરે સહુ મનની આસ.—યજદાં.
ખુશી થશો સાંભળો હકીકત, અમે દલાલો છૈયે ખાસ;
બહુ અમપર શાહની રેહમત છે, હમેશ રહિયે ત્હેની
પાસ.—યજદાં.

અબિયાત.

બેહરામ———ભલી આ મુલાકાત યારો થઈ;
અરે નેકજાદો ફિકર મુજ ગઈ.
કુર્ગસાર———ખુદાનાં સકામો ખુદાથી થશે,
મગર થાક ને ભૂખ લાગી હશે;
ગુર્ગસાર———જરા મુજ મકાને કદમને ધરી,
કરી પાક, બક્ષો નિવાજશ અરી.
બેહરામ———મહેર્બાન શું હું જિયાદા કહું,
ખુશી છેઉ હું ત્હાં જવાને બહૂ;
કિધું બહુજ એહસાન નેકો તમે,
ભલાંને ભલાઇ હમેશાં ગમે.

[વાત કરતા કરતા ત્રણે જાયછે.]

બાબ પહેલો દેખાવ ત્રીજો.

હોરાન શહેરનું જંગલ.

[તેહમિના થાક તથા ભૂખથી બેચેન દાખલ થાયછે.]

રાહ ઈંગ્રેજી—Cheer up Sam.

તેહમિના——અરે ખુદા હવે હું કહાં જઈ મરૂં,
ભુલી પડી ભુખે રડું ઇલાજ શું કરૂં;
ન અંત આ બિયાબાનનો કઈ મળે,
થયાછ વીસ રોજ, નાહિ નસીબ તો ફળે.
(કોરસ) ઓ વાલી, ન કર સિતમગરી;
બસ કર જફા, ન થા ખફા, રહમ કરમ કરી.—ઓ.
ફળો ફુલો કબૂ કંદ ઘાસ ખાઇને,
કબૂ મળે ન આબ તો ફરૂં મુઝાઇને;
મરૂં જનાવરોની દહેશતે રડી,
કરૂંછ ખાબ રાતનાં જમીનપર પડી.
(કોરસ) ઓ વાલી, ન કર સિતમગરી;
બસ કર જફા, ન થા ખફા, રહમ કરમ કરી.—ઓ.
[તેહમિના થાકથી લેટેછે, સામનેથી એક છાકટો દારૂનું બાટલ્યું લઈ લથરતો દારૂની તારીફ કરતો આવેછે.]

માઝ જિંઝોટી—પદ.

છાકટો——અજબ છે લહેજતો શરાબમાં ભરી;
ગટગટ પીઉં સદા સરસ મજા કરી.—અજબ.
છોકરાં ભલે ઘરમાં ભૂખિયાં મરે,
રાતનાં ભલે ઓરત બીકથી ડરે,
બંદા તો દારૂમાં બસ ચમન કરે;
નડતા, પડતા, ખડતા, ખુબ લૈયે, ખુશ થૈયે,
ઘર જૈયે, લથડતા ફરી.—અજબ.

આજ રંગમાં મોડું બહુ થયું હશે,
બંધ શ્હેરના દરવાજા થઈ જશે,
લોક ક્‌હેછે કે ખવીસ આ જગે વસે;
અથડું, લથડું, થથડું, ઓ ખાશે, જિવ જાશે,
ક્યમ થાશે, ગપ જશે ગરી.—અજબ.

[છાકટો ખવીસની બીહીકથી લથરતો તેહ્‌મિનાના પગને અથડેછે, તેહ્‌મિના ચોંકેછે.]

તેહ્‌મિના——અરે ખુદા!

[તેહ્‌મિનાને ખવીશ સમજી છાકટો ધ્રુજેછે.]

છાકટો——મુવા છુટા!
તેહ્‌મિના——કોણ છે જવાન તું?
છાકટો——જવાન નહિ, જઈફ છું.
તેહ્‌મિના——કેહ તું કે હ્યાં આયો કેમ?
છાકટો——ગળી જવાની આ છે નેમ.
તેહ્‌મિના——શું નજદીક ગામ છે?
છાકટો——કોસ એક ઠામ છે, ફક્ત હાડ ચામ છે,
માસનું ન નામ છે, હવે ત્હને સલામ છે.

[છાકટો ન્હાસવા જાયછે, તેહ્‌મિના તેને રોકેછે.]

તેહ્‌મિના——નહાસવું હરામ છે, મ્હને તહારૂં કામ છે.

[છાકટો બીહીકથી કાલાવાલા કરેછે.]

રાહ ઇંગ્રેજી.—Sultan Polka.

છાકટો——જા, જા, બલા તું જા, મ્હને મુકામે દે જવા;
ના, ના, મ્હને તું ખા, પગે લાગું રે ઓ બાવા.—જા.

[છાકટો પોતાની પાસનું ફેંકી દેછે.]

લે, લે, પૈસા ને કપડાં તું, છોડું બસ એના દાવા;
તેહ્‌મિના——જો, જો, હું તો ભૂત નથી,
છાકટો——નહિ આઉં હાઊ થાવા.—જા.
ચાલીસ છે મ્હને બેટા બેટી,
તેહ્‌મિના——સહૂને જોશે,

છાકટો———જા, જા, હોશે,
તેહમિના——નહિ તું એશે,
છાકટો———હા, હા, વાહ, વાહ,
રે આ ખુદા! ખવીસે ઘેર્યોરે! અરરરર જાવો પેલા,
તેહમિના——તું છે ઘેલો,
છાકટો———દોડી આવે ખાવા.—જા.
[તેહમિના છાકટાને દિલાસો આપેછે.]

અણચાત.

તેહમિના——નથી ભૂત હું નથી ખવીસ ભાઈ,
છઉં આદમ હું જાઉં નહિ ખાઈ;
ડરી નાહક તન કાંય તું ધ્રુજાવે,
નહી જોઈયે હરામ, જે બતાવે.
છાકટો———બધી વાતમાં છે અગર તું ધરાયો;
સિહા રાતમાં કહે? હ્યાં કાંય આયો.
અરે આદમી કેં ખવિસ થાઈ લુટેછ?
મ્હને ધ્રુજરી થૈ પસીનોજ છુટેછ.
[છાકટો ધ્રબરાઈને ન્હાસેછે, તેહમિના તેની પાછળ જાયછે.]

બાબ પહેલો—દેખાવ ચોથો.

હારાન શહેરના હાકમની દરબાર.

[માઝ્યાર, કામુસ, અકલેહ તથા નૌકરો બેઠેલા દેખાયછે. માઝ્યાર પોતાની આંધળી આંખ વિશે બળાપો કરેછે.]

રાહ ઇંગ્રેજી.—Far from the old folks at home.

માઝ્યાર——આ ખટપટની દેહ તું, શું કામની?
રે ઝટપટ તો કેહ તું, શું ફક્ત છે નામની?

આ હકુમતને શું કરૂ, હું આંધળા,
ન્યામત સહુ છે તો ખરૂં, નેનો વિના સૌ બળો.
(કોરસ) જિંદગી આંખો વિનાની, છે એ મ્હોટું દુ:ખ;
તે વિન નિત લેજો ગણી, છે સર્વ ઓટુંજ સુ:ખ-જિંદગી.
ફીકટ મહિના બે થયા, આ હાલમાં,
માનસ કઈ લાખો ગયાં, રે મ્હોતની જાળમાં;
જો નહિ મળતી શ્હેરમાં એની દવા,
પા બસ કઈબી જેરમાં કે નિકળે આ હવા.
(કોરસ) જિંદગી આંખો વિનાની, છે એ મ્હોટું દુ:ખ:
તે વિન નિત લેજો ગણી, છે સર્વ ઓટુંજ સુ:ખ-જિંદગી.
ચકલેહ------બેહુ ચશમની પૂતળી છે તો ખરી,
રે રતન સહુને વળી છે નેસ તેજે ભરી;
તે પર પરદા સ્હેજ છે તે તો જવા,
ને ફિકટ બહુ એજ છે કે કેમ તે કાપવા.
(કોરસ) જિંદગી આંખો વિનાની, છે એ મ્હોટું દુ:ખ
તે વિન નિત લેજો ગણી, છે સર્વ ઓટુંજ સુ:ખ-જિંદગી.

ચ પિયાત.

ચકલેહ---સિવા ખાર અકસિર નથી કૈં ઇલાજ;
અરે કાંઈ સમજો ગરીબન નિવાજ.
માઝ્યાર---જહેરી દવાઓ અને તેજ આબ;
મ્હને લાભ કરશે વખત પર શિતાબ.
મગર ખાર તો છે મ્હને બસ હરામ;
ખુદા નહિ કરાવે કબુ એહ કામ,
કરી જહાર ભઠ્ઠી બનાવેછ ખાર;
બને આંધળો તુર્ત તે કામદાર.
જરા જોઈ લે આય મ્હારોજ હાલ;
થશે શું ન દુખ તેહને મુજ મિસાલ?
બની કુલ રૈયતનો પાસબાન;
લુટું હુંજ શું તેમના માલ જાન?

જખાં બંધ કર, બસ ખતમ કર અવાજ;
નથી શું બિજો કોઈ જગમાં ઇલાજ?
ચકલેહ્‌——કિતાબો ફરી ને ફરી ખૂબ જોઇ
સિવા ખાર વાંચ્યો ન ઇલાજ કોઇ.
[કામુસ મુસાફરની શોધમાં જાયછે.]

દોહરો.

માઝીયાર——જિદ ખોટી આ છોડ તું, હું તે ગણું હરામ;
નહિ આવું બુરૂં કદી કરે ખરે બદ કામ.
ચકલેહ——થશે મુસાફર શેહેરમાં પ્રથમ દખલ જે આજ;
તેને જર બક્ષી બહુ, સાંધી લેશું કાજ.
હમણાં લેઇ આવશે ત્હેને ત્યાં દરબાન;
કારણ કે ગઇ કાલનું દીધું છે ફરમાન.
[કામુસ તેહ્‌મિનાને મર્દાના લેબાશમાં લઈ દાખલ થાયછે.]

બિહાગ—પદ.

કામુસ——આ મળ્યો મુસાફર જતને રે,
નગરનો દરવાજો જહારે ઉઘડાયો,
જુઓ મર્દ આ દાખલ થાયો;
સઘળા——સમજો, સમજો, જેવો માગ્યો તેવો તુર્તજ પાયો,
અમને અમને.—આ.
માઝીયાર——રે આ મર્દ મુસાફર ભાઈ, બોલ સખ્ત શરતો સહુ કાંઇ;
છે મંજુર શું ત્હને રે?
સઘળા——હા, છે મંજુર કેહ ત્હને રે?—આ.
તેહ્‌મિના——શું ઓરતથી ખાર ન થાશે?
સઘળા——નહિ નહિ તે નાહક અટવાશે;
તેહમિના——કેમ વાત આ બને રે,
સઘળા——રે કેમ વાત નહિ બને રે.—આ.
[કામુસ તથા ચકલેહ્‌ મસલહત કરેછે, તેહ્‌મિના શું
કરવું તે બાબે વિચાર કરેછે.]

અબયાત.

તેહમિના——(સ્વગત) ખરૂં બોલુંછ તો જાહેર હું અબળા પડુ આજે;
નહી તો આંધળી થાઉં ધરૂં જો બીક તે કાજે.
કતલની દેહરાતો આપી યહાં લાયા કબુલ કરવા,
કહું જો વાત તે હું તો નથી છુટકો સિવા મરવા.

બયત.

માઝયાર—કહી દે ઓ મુસાફર તું હકીકત સાચ સહુ ત્હારી;
ફિકર દિલમાં ન કર હરગેજ ઓ ગમખાર તું મ્હારી.

દરબારી કહાનરો—પદ.

તેહમિના—શું કહું હકીકત મ્હારી, કોણ સુણી વાતો દુખકારી;
દે આફતો નિવારી.—શું.
જ્યાર નાર નહિ પણ નરથી બસ થાય ખાર સુખકારીરે,
હું નકામની થાઇ પડશ બસ છેઉં જહારે નારી-શું.
ખુબ દૂર મંજલ કાજે કીધો લિબાશ ધારીરે;
કે ઓરત થઈ દુખ નહિ પામું ઓઉંલાજ કુંવારી.-શું.

દોહરો.

ચકલેહ——ઓરત થઈ તો શું થયું, તું છે જહાર જવાન;
ખાર ખરે તુજથી થશે, સાંભળ ઓ નાદાન.
[ઓરત જાણવા છતાંબી ચકલેહને સંગદિલ
જોઇ માઝયાર તેને ઠપકો આપેછે.]

તહતુલ લફ્ઝ.

માઝયાર——જે જાલિમો કરે જગમાં જુલ્મ નારપર;
લાનત લખો પડો બસ તે સિતમગારપર.
[માઝયારને વહેમ જવાથી તેહમિના મર્દ છે કે
ઓરત તેની તપાસ કરવા કામુસને કહેછે.]

આ નાજની ખરેખર જો મર્દ તો નથી;
ઇનિસાન તે થૂકે નહિ જે એકરારપર.
આ હાલતે નહી દુખમાં ગર્ક હું રહું;
રાખુંછ જો ભરોસો પરવરદિગારપર.

[માઝ્યાર પરવરદેગારપર ભરોસો રાખી દુઃખને સુખ માણી લઇ તેહમિનાને પેશીકર જવા કેહછે.]

અબ્યાત.

વગર દેહશતે નાજની જા ભલે;
તને પાસબાની ખુદાની મલે.

[રજા મલવાથી તેહમિના ખુશ થઇ પોતાની મુરાદમાં પાર પડવા પછી આવી માઝ્યારની આંખના ઇલાજ સારૂ પોતાની ચશ્મ આપવાનો એકરાર કરેછે.]

તેહમિના——ઘણાં સાલ જીવો તમે મ્હેરબાન;
અરે મિસ્કિનોના ખરા કદ્રદાન.
મગર કોલ હું આય આપુંછ આજ;
ફતે ગર બને માહરૂં નેક કાજ,
તુરત તો ખુશીથી ફરશ ત્યાં શિતાબ;
તજી પ્યાસ ભુખ સાથ આરામ ખાબ.
વગર દામ બક્ષિસ મહારી ચશમ;
વચન આય આપુંછ ખાઇ કસમ.

[તેહમિના માઝ્યારને વચન આ[illegible]છે.]

દોહરા.

માઝ્યાર—(ચકલેહને) કોલ વચન કે કસમનું, નથી મ્હને કઇ કામ;
એવા ખાર ઉપર કબૂ, નથી ખરચવું દામ.
પણ ઓરતના કોલનું, આ તક કરશે તોલ;
જોઉં તો આખર ખરે, પાળે છે શું બોલ.

કામુસ——મતલબ મીઠી આપડી, કઠણ કરેછ કરાર;
પણ જે પાળે બોલિયું લ્હેની તો બલિહાર.

માજીયાર——સુખે જા એ નાજની, કર પૂરૂં તુજ કામ,
પણ બેવચની થઇ કહું, ના બનતી બદનામ.

[માજીયાર જાયછે તેની પાછળ ચકલેહ સિવાયે સૌ જાયછે, ચકલેહ તેહમિનાને છોકરી જાણી આશક પડી તેણીની તલાશમાં જવાનો ઠરાવ કરેછે.]

શાહના—૫૬.

ચકલેહ——અજબ આણ કુદરત ભરીછે રતનથી;
નજર કઇ પડે કઇ છુપાં છે જતનથી.—અજબ.
સરસ આ પરી નૂરમાં બસ ગરક થઇ;
ચમનમાં રહું વરા છુટો થઇ વતનથી.—અજબ.
અગર હાથ આવે ન એ ગુલ્બદન તો;
જુદાઇથી જુદો હું કરૂં જાન તનથી.—અજબ.

[હવસથી આંધળો બની ચકલેહ તેહમિનાની શોધમાં જાયછે.]

બાબ બીજો—દેખાવ પહેલો.

ઓજંદ શહેરનું મુસાફરખાનું.

[તેહમિનાની સોધમાં નિકળેલો ચકલેહ મુસાફરખાનામાં બીજા પોશાકમાં દેખાયછે, મુસાફરોમાથી તેને શકની નજરે જોયછે તથા એક મુસાફર તેની પાછળ જઇ તે શું વમાસેછે તે સાંભળી લેછે.]

રાહ ઇંગ્રેજી—Tramp, Tramp, Tramp.

ચકલેહ——રે અભાગિયો ખરે રોજ જહાર જોઇને,
ત પરી ચહેર નૂરમાં ફસ્યો;

આ સફેદ બાલમાં તો સુધીજ ઓઇને,
રે હિદાયતો ભલી તજી હસ્યો.
(કોરસ) રે પજૂદાં કરે ન કોઈ, બૂરી મ્હોબતે ફસે;
જીવતો જલી જશે તેહ ઇશ્ક આગમાં,
લાખ લ્યાનતે ખરે ફના થશે.—રે.
રે હજાર માનતો આંધળો બની ફિદા,
મેં લિધીછ બેવકૂફ થાઇને;
દીન તો ભુલી ગયો ને વિસારિયો ખુદા,
રે જહાંનમે પડયોછ જાઇને.
(કોરસ) રે પજૂદાં કરે ન કોઈ, બૂરી મ્હોબતે ફસે;
જીવતો જલી જશે તેહ ઇશ્ક આગમાં,
લાખ લ્યાનતે ખરે ફના થશે.—રે.
ગામતો ઘણાં ઘણાં હું ભુવો ફરી ફરી,
એહની તલાશમાં ખરો ખરે;
એ મળીછ શોધ કે છે યહાંજ તે ખરી,
હાય! શોધ કહાં કરે ખુદા અરે.
(કોરસ) રે પજૂદાં કરે ન કોઈ, બૂરી મ્હોબતે ફસે;
જીવતો જલી જશે તેહ ઇશ્ક આગમાં,
લાખ લ્યાનતે ખરે ફના થશે.—રે.
[તેહમિના ભીખ માંગવા મર્દાના લિબાશે દાખલ થાયછે, ચકલેહ તેહમિનાની શકલને પિછાનવાલી તરીકે ટિકિયા કરેછે, મગર યાદ ન આવવાથી ગુચવાયછે.]

પિલૂ—લાવણી.

તેહમિના—રે ખુદા નામપર કોઈ ખેરાત કરો.—રે.
નેકીનું કપડું લઈ સીવી કદર નામની થેલી,
ભીતર પૈસા ખુદા નામના ભરો હરખથી ભેળી;
રહમ રસીથી બાંધો યારો નેક નગીના મેળી,
પાક હાથથી છોડો કોઈ ગણી ખુદાને બેલી;
તે માલિકના પ્યારા ઠરો, ખેરાત કરો.—રે.

મિસ્કિન હાય મુસાફર હું છૌં નથી કાંઈ ભીખારી,
કિસ્મતનો માર્યો રખડું, છે મુલક યમન દુર ભારી;
ગિર્દેશીએ ઘેરો નાખ્યો, ટુટી નસીબ યારી,
છે કોઈબી સખી મર્દ જે આજ દુઆ લે મ્હારી
હયવાલ સાંભળીને ખરો, ખેરાત કરો.—રે.

[મુસાફરો ખયરાત આપેછે, અંતે ચકલેહ તેહમિનાને ઓળખેછે.]

મુકફ્ફા ફિક્ક.

ચકલેહ——માશૂક હાય પ્યારી, હા, એજ છે મહારી;
જે મ્હોબતી કટારી, મારી બહૂજ કારી;
ન્હાઠી મને ડુબારી, આ રંજમાં ઉતારી.

[ચકલેહ તેહમિનાને બોલાવેછે.]

મુસલ્લસ.

જરા સુણ મુસાફર ન થા તું ઉદાસ,
જવુંછજ મ્હનેબી યમન શ્હેર પાસ,
ભલે સાથ નોકર બની ચાલ ખાસ.
ગરજ બેહુની એમ સરશે તમામ,
બને કામ ત્હારૂં મળે સાથ દામ,
હવે બોલ ત્હારા જવાબી કલામ.

[તેહમિના ચકલેહને દુઆ દઇ તેની નોકરી કબૂલ કરેછે.]

તેહમિના——ઇલાહી તમ્હારી કરે આશા પૂર,
બલા સાથ આફત સહૂ થાય દૂર,
સુખો સાથ દોલત વધે નેક નૂર.
કરૂંછું તમ્હારી શરત સહુ કબૂલ,
કબૂ નહિ કરશ ચાકરીમાંહ ભૂલ,
કસૂરો કબૂ નહિ થશે બીલકૂલ.

ચકલેહ—— ભલે ઠીક છે તું કબુલેછ ત્હાર,
સુખે ખાય ખાનું જમી થા તિયાર,
(સ્વગત) જરા ઠીક બેઠી હવે તાલ યાર.
[ચકલેહ પોતાનું ખાનું તેહમિનાને જમવા આપેછે,
તેહમિના ખાનું ખાય છે, એક ભિખારી ભીખ
માંગવા આવે છે.]

પિલૂ—લાવણી.

ફકીર—ભોલી ભોલી, બોલી બોલી, જાનવરોનું બ્યાન કરૂં;
લેઈ ઝોળી, ઘર ઘર ડાલી, વેઠ કરીને પેટ ભરૂં.–ભોલી.
બતકાં બતકો, લટકો મટકો, ક્વેક ક્વેક ક્વેક કરતાં ભટકે
ટૂકું પગળું, પાણી ગદળું, મોજ કરી બટ બટ બટકે;
[ફકીર બટકાંની બોલી બોલેછે.]

લાંબી ડોકે, જબરી પોકે, માંથું તો પકવેજ ખરૂં.—લેઇ.
જો નવરંગી, મરઘો જંગી, કુકરે કૂક કરી વાસે,
સહુ જન જાગે, કામે લાગે, ઊંઘ, ચોર તેથી ન્હાસે;
[ફકીર મરઘાની બોલી બોલ છે.]

બામદાદમાં, નેક યાદમાં, હું બસ રબનું ધ્યાન ધરૂં–લેઈ.
તરકો તરકી, સ્હેજે ભરકી, ટિક્ ટિક્ ટિક્ કરતાં અકડે;
રાતી માજર, જાણે ગાજર, ભૂરાં પીછ કળા પકડે;
[તરકા તરકીની બોલી બોલેછે.]

રંગે રાચે, ઢંગે નાચે, જોર બતાવેછે જબરૂં.–લેઈ.
શાંણું કુતરૂં, શોભિત ભુતરૂં, વાઉ વાઉ વાઉ બૂમો પાડે,
નિમક હલાલી, જહેને વ્હાલી, આફતમાં આવે આડે;
[કુતરાંની બોલી બોલેછે.]

વખ્ત તંગમાં, સખ્ત જંગમાં, સાથ હોય તો નહિજ ડરૂં.–લેઈ.
[મુસાફરો તેને પૈસા આપેછે તે સલામ કરી જાયછે,
તેહમિના ખાનું ખાઈ ચકલેહનો ઉપકાર માની
ચકલેહના ધંધા રોજગાર વિષે પુછેછે.]

અબયાત.

તેહમિના——બહૂ મ્હેરબાની થઈ નેકનામ;
નિવાજયો તમે એક મિસ્કિન ગુલામ.
જરા કામ મુજને અને રોજગાર;
કહોની તમારાં અરે નામદાર.

[ચકલેહ પોતાના ધંધાથી તેહમિનાને વાકેફ કરેછે, મુસાફરો મસખરી કરેછે.]

રાહ ઇંગ્રેજી—Pinafore, Ruler of the Queen's Navy.

ચકલેહ—બાંધી કરિયાણું ગાંધીનું તન તોડયું બસ બચપણ પટકી,
કુટયા ઓષડ ખલમાં નાખી, પણ હરધમ શુધ ગુણની રાખી;
મેં હરદમ શુધ રાખી દાજે, તો મશહુર હકિમ થયો આજે.

મુસાફરો——(કોરસ) તેં હરદમ શુધ રાખી દાજે;
તો મશહુર હકિમ થયો આજે.—તેં.

[ચકલેહ ચિરડાઇને મુસાફરોને મસખરીથી બાજ આવવા કેહ છે.]

ચકલેહ——કેમ રે, કેમ છે?

મુસાફરો——જેમના તેમ છે, એમના એમ છે, જો બસી નેમ છે તો યજદાંની રેહેમ છે.

[ચકલેહ અખાડા કરી પોતાનો અહવાલ સંભલાવે છે.]

ચકલેહ—હું ત્યાર પછી ઝોળીમાં લેઈ સહૂ ઓષડ ઘર ઘર રખડી,
ભૂકીની ત્રણ ચમટી દેતો, પરથમ બસ મન ગમતું લેતો;
લૈ ઝટ મન ગમતું જે છાજે, હું મશહુર હકિમ થયો આજે.

મુસાફરો——(કોરસ) લૈ ઝટ મન ગમતું જે છાજે;
એ મશહુર હકિમ થયો આજે.—લૈ.

[ચકલેહ મુસાફરોને ડોલા ઘુરકેછે.]

ચકલેહ—ફાટી વૈદાંની પોથીના નુસખા વાંચી ઝટપટ શિખિયો,
ફીંચી મેં અકસિર કઇ ખાકો, કઈ મરહમ શરબત ને પાકો;
દે કઈ શરબત, વાજે ગાજે, હું મશહુર હકિમ થયો આજે,

મુસાફરો——(કોરસ) દૈ કઇ શરબત વાજે ગાજે ;
એ મશહુર હકિમ થયો આજે.—દૈ.

[ચકલેહ ચિરડાઇને મુસાફરોને ચુપ રેહવા કેહછે.]

પિલૂ—ગીત.

ચકલેહ——મુરખ લોક ક્યમ નથી સમજતા,
મુગા મરો બેવકુફ અનાડી ;
મુસાફરો——મુસાફરોનું મકાન આ છે,
નથિ ત્હારા બાવાની વાડી.—મુરખ.
મુસાફર——અકડબોર ચલ હઠ હઠ ગુપચુપ,
નહિ તો મેથી દેશ જમાડી,
ચકલેહ——કેમ મ્હોત આયુંછ ત્હમારૂં ?
મુસાફરો——જા જા જાશે પિખાઈ દ્હાડી ;
ચકલેહ——ખબર છે નામ શું છે મ્હારૂં ?
મુસાફર——ખર સાહેબ બહાદુર જે ભુંકી ભુંકી ઝાડેછ પછાડી —મુરખ.
ચકલેહ——(દાંત પીસીને) કેમ કરૂં બસ કવસમાં વસ છું,
સ્વાદ નહી તો દેત ચખાડી,
મુસાફર——નહિ નહિ સાહિબ જાવા દેઓ,
નથી છુપાવા હયાં તો ઝાડી ;
ચકલેહ——મ્હોત ગમે તો માંગી લઓ,
મુસાફર——ગુસ્સામાં કુવો ના પુરતા જોજો ભીત નથી કઇ આડી.મુરખ
ચકલેહ——(તેહમિનાને) કહાં ગયો ?
તેહમિના——કેમ ?
ચકલેહ——ઉઠાવ ઝટ સહુ,
મુસાફરો——થઈ ખટપટ બહુ,
ચકલેહ——બુલાવ ગાડી ;
મુસાફરો——હાં નહિ રહિયે, જહાંનમ જઇયે,
ચકલેહ——ચંડાળોએ મજા બગાડી ;

[તેહમિના અસબાબ ઉઠાવેછે.]

તેહમિના—ચાલો,
ચકલેહ—કેમ, સહૂ લીધું તેં?
તેહમિના—હા જી હા સૌ ઝૂડી ઝાડી;
મુસાફરો—નહિ તો શેઠ મિજાજ ખોઇને
જીવ નાખશે ઝટપટ કહાડી;
મુસાફર—જુનું નાળિયર સુકો ગોર, પતો હોણુ મળતા ના પોર,
પુઠનો વા ને ખારૂં પાણી, જઇ પુરજો દોજખની ખાડી.
[ચકલેહ ચિરડઇને ચાલવા માંડેછે, મુસાફરો
તેની ફજેતી કરેછે.]

બાબ બીજો દેખાવ બીજો.

યમન શહેરનું જંગલ.

[હબશી કાસદ, કેસેવજની તાલાશમાં આવેછે.]

રાહ ઇંગ્રેજી—Money-Money.

હબસી કાસદ—શું કાળા રંગે મારો, સૌની ચોરી કીધી,
કે ફરી સર્વ ધિક્કારી નાખે?
કાળો ચ્હેરો બીચારો, દેખી દુન્યા બીધી,
સૌ ગોરૂં ગોરૂં ચાહીને રાખે;
કાંય દુઃખ દેછે સૌ આપો, મેં કીધાં શું પાપો?
સાહેબે જે કીધો સિધ્ધી કાળો,
રબની એ છે ખુબી, ત્હેના પ્યારે ડુબી,
હબસી શું નહિ થાશે ત્હેનો વ્હાલો?
(કોરસ) એબી સારૂં, જેબી કારૂં,
ગેબી પ્યારૂં તો નહિ લાગે કોઇને;
રૂ શાને સારૂં, લોકો વારૂં,
બ્હીએ કારૂં કારૂં કારૂં જોઇને.—એબી.
આવી બુરાંની પાસે, કાંય સૌ આપો તાદ?

કે જા પાપી કાળું હોજો મ્હારૂં,
કાંય ચંદાના ઊજાશે, રાજી સર્વે તો રહે?
કાંય લાગે અંધારૂં તેથી ન્યારૂં?
બોલે કાળાં કામો, નેકો કાળાં ઠામો,
શું બીજા રંગો છે રૂડા ત્યારે?
હઠથી માંગે ખાઊ, તો કાંય કાળો બાઊ,
નિકળે, બુચો તો છેડાએ બ્યારે.

(કોરસ) એબી સારૂં-જેબી કારૂં,
ગેબી પ્યારૂં-તો નહિ લાગે કોઇને;
રે શાને સારૂં-લોકો વારૂં,
બીએ કારૂં કારૂં કારૂં જોઇને.—એબી.

બયત.

હબસી કાસદ—કરી શોધ થાકો હવે હું યહાં,
ફરી આ બિયાબાન હોશે કહાં!
કહાં આય ખત લેઈ રખું હવે;
બગડશે સહૂ તો અસ્રૂરૂં થવે.
શાહેરે કહેતાં હતાં જન સહૂ;
થયા તો ગયાને દહાડા બહૂ.
કહયું શોધવા આ બિયાબાનમાં;
રખે ભૂલ થઈ હોય અંજાણમાં.
[સામનેથી કેસૈવજને આવતાં જોઈ.]
અરે પણ ખરે તેજ આવેછ ગ્હાં,
વજીરી લિબાસેજ જાએછ કહાં!
[કેસૈવજ દાખલ થાયછે, કાસદ કાગજ આપેછે.]
ખુદાવંદ નામું અગતનું બહૂ;
હમાવ્રાનથી આય લાયોછ હું.
[કેસૈવજ કાગજ વાંચીને તેહમિના વિશે પુછેછે.]

કેસૈવજ—(સ્વગત) લખિછ હોસિમે ગુલ રશિદની ખબર;
નથી વાંચતાં બસ રહેતી સબર.

કરે ઠાર એહૂ જનોને શિતાબ ;
લખું એ મિસાલે રૂકાનો જવાબ.

કૈસેવજ———રશિદ સાથ શું ત્હાં ઉતી દીકરી ?
હમાવ્રાનથી જે ગઈ નીકરી.

હબશી કાસદ-ઘણા રોજની તે નહાસી ગઇછ ;
ખુદાને ખબર તેહમિના કહાં રહીછ.
જણાવીછ ખતમાં હકીકત ખરી ;
અમે થાકિયા પુખ્ત શોધો કરી.

કૈસેવજ———શહેરેજ જાવુંછ હવડાં મ્હને
ત્હાં ચાલ આપુંછ ઉત્તર ત્હને.

[કૈસેવજ તથા કાસદ જાયછે, તેહમિના ચકલેહ પર લઆનત નાખતી દાખેલ થાયછે.]

ખમાચ ગજલ.

તેહમિના-——અરે જાહેરમાં દાના અશો ઇનસાન તું છે;
મગર બાતેન જોઉં તો ખરો શયતાન તું છે.—અરે.
ફસાવી આ બિયાબાંમાં મ્હને એકાંતમાં તેં ;
સુરતમાં આદમીની બસ બુરો હેવાન તું છે.—અરે.
ગણું હુરમત મહારી, જાન કરતાં બહુજ પ્યારી;
સિફતથી પાક દામનની ખરે અંજાન તું છે. —અરે.
ઉભોરહે દૂર નહિતો તેજખંજર આય ખાશે;

[તેહમિના ગુસ્સામા મ્યાનથી ખંજર કાહડી ચકલેહને દેખાડેછે.]

સમજકે એક લેહજામાં હવે બેજાન તું છે.—અરે.

[તેહમિના નિરાસ થઈ દુન્યાના ફરેબપર અફસોસ કરી જીન્દગીથી છટકો ચાહેછે.]

મુસદ્દસાત.

તેહમિના-——દગલબાજ દુનિયા ફરેબે ભરી;
બલાની ગરજ તો ન તુંથી સરી;

અરે જાંનવા શું હકીકત ખરી;
ચિરૂં દીલ ઇનસાન કટકા કરી.
ખુદા કેમ તું જોય છે આ સિતમ;
ગરક કાંય કરતો નથી એકદમ.

[દીવાનો ચકલેહ તેહમિનાના અફસોસનો ખિયાલ ન કરતાં પોતાની મોહબત જાહેર કરેછે.]

ચકલેહ———થયોછે મ્હને તો મહોબ્બત મરજ;
નસીહત કિધાથી ન સરશે ગરજ;
થવા તાયબે તુર્ત પાડશા ફરજ;

[ચકલેહ આજુ બાજુ જોયછે.]

હવે કૌણ સુનસે યહાં તુજ અરજ.
નથી કોઇ હાજર અરે નાજની
જરા ખ્યાલ કર કાંય દિવાની બની?

તેહમિના———અરે બેવકુફ આંધળા બેરારમ;
જરા જો ઉપરથી જુએછે ભરમ;
ખુદા દેખિને નીચ ત્હારો મરમ;
અરે સાંખશે કેમ આ બદકરમ?
મદદગાર મ્હારો ખરો એજ છે;
જગે કુલ હાજર સદા તેજ છે.

[ચકલેહ તક જોઈ તેહમિનાનુ ખંજર છિનવવા ચાહેછે, મગર તેહમિના બચાવી લેછે, જેથી ચકલેહ તેહમિનાપર ગાલેબ જાયછે. તેહમિના ચકલેહને લાત મારેછે જેથી ચકલેહ તેહમિનાને લાત મારી નીચે નાખી દેછે. તેહમિના ચકલેહના ગળામાંની તસબી તોડી લેછે. તેહમિનાના હાતમાંનું ખંજર છિનવતાં ચકલેહના હાથને ઘસારો લાગવાથી ચિરડઇને તેહમિનાના માથાંમાં મારવા એક પથ્થર ઉચકવા જતાંજ પથ્થરની નીચેથી એક સાંપને ફુંફાડા મારતો જોઇ પથ્થર ફેંકી દઇ ત્યાંથી ન્હાસી જાયછે. તેહમિના ઉઠવાનો કસદ કરેછે; મગર ન ઉઠી શકવાથી જરા આસાયશ લેછે.]

અબયાત.

રે બેશક આ તો પગ ભાગો બસ મ્હારો;
આ જંગલથી ઓ પરવર પાર ઉતારો.
લાગેછ બહૂ દર્દ અરે જીવ તો ફરેછ;
જોઉં ટુક આરામ કર, કાંઈબી ડરેછે!

[શાહનશાહ નૌશાદ તથા શૈદેહ શિકાર કરતા આવી લાગેછે, શૈદેહની નજર તેહમિનાપર પડતાંજ શાહનશાહ નૌશાદને અટકાવેછે.]

મુસલ્લસ.

શૈદેહ——રે જરા થોબો પિદર પ્યારા સબર,
મર્દ આ નવજવાન કોઈ બેખબર
હ્યાં સુતોછે જોઇ લો કરવા કબર.

[શાહનશાહ નૌશાદ, તેહમીનાના બાલ જોઇ તેણીને, ઔરત તરીકે પિછાણેછે.]

મુસલ્લસ.

નૌશાદ——ભૂલિયો બેટા ખરે તું આજ બસ.
થઈ કસુર પયછાનિયતને કાજ બસ,
ઔરતે કિધોછે મર્દી સાજ બસ.
શૈદેહ——છે જહારે એહમાં કાંઈ ભરમ,
તો જગાડી પૂછતાં શાની શરમ.
નૌશાદ——આસતે ઊઠાડ ના થાતો ગરમ.

[શૈદેહ તેહમીનાને હાત લગાડેછે, તેહમીના ચોંકી ઉઠેછે, શૈદેહ તેણીનું નામ ઠામ પૂછેછે]

દેશ—જિલ્લો—લાવણી.

શૈદેહ——કહીદે જલદી ઓ નવ જવાન;
કરી દે સાચે સાચુ બયાન.—કહીદે.

પિદર છે કોણ અને તુજ એશ,
કહાંછે બોલ તહારો દેશ,
છુપાવી ઓરતનાં તુજ કેશ,
લીધો તેં કાય મરદનો વેશ?

ઝુલ.

કહાંથી આવી કહાં જશે, શું છે ત્હારૂ કામ!
સાચે સાચી સહુ બિના, બોલી કેહ તમામ;
નહી તો લેશુ ત્હારો જાન.—કહીદે.

[તેહમીના ઉઠવા જાયછે, મગર પગમાં દર્દ
થવાથી પાછી બેસી જાયછે.]

દેશ—ગીત.

તેહમિના—કિસમત ત્હારૂં શું રૂદન કરૂં,
જ્હાં જાઉં ત્હાં રખડીજ મરૂં;
બસ આફત તરસે, મુજપર વરસે,
હાડમાર થઇ વાજ વરૂં.—કિસમત.
નેક પિદર મુજ જે છે કેદી,
ત્હેને છોડવવાને હું આ મરદી વેશ ધરૂં.—કિસમત.
છે સિપેહસાલાર રશિદ તે, રૂડી તેપર નહિ લેતો કઇ દાદ,
શ્હેનશાહ નૌશાદ;
તે તકરેછ અસત કઇ બ્હાને, થયાં વરસ દસ હમાવરાંને,
મુલક યમન દુખ સખત ખમી બસ સોંધી રખડું,
બેટી ત્હેની તેહમીના હું રડતી મુલકે મુલક ફરૂં,
રખડી રખડી રઝડી સબરૂં,
દુખ જોઉં હું જબરૂં જબરૂં.—કિસમત.

[તેહમીના અહવાલ કેહછે તેટલાં, નૌશાદ તેહ-
મીનાની હકીકત સાંભલી ખરાં ભેદથી
વાકેફ થઇ, તેણીને દિલાસો આપી પોતે
શાહનશાહ તરીકે જાહેર થાય છે.]

સોરઠ—પદ.

નૌશાદ—જરા ધીરજ ધર તેહમિના;
તું કઇબી વાતે હ્યાં બીહ ના.—જરા.
હુંજ શહેનશાહ નૌશાદ છેઉં, શ્હેર યમન છે આય;
આ તરકટનો ભરમ સાંભળી, મનમાં ચટપટ થાય.—જરા.
કાગદ આપી તુરત મોકળું, કાસદ હમાવરાન;
તુજ વાલીને હ્યાં બોલાઉં, છુટકો કરૂં નદાન.—જરા.
શૈદેહ.—તેઓ આવે ત્યાંહ સુધી, રહેજે મુજ માદિર પાસ;
નૌશાદ.—આય વાત સહુ છુપી રાખજે, નહિતો થાશે નાસ.—જરા.
ઉચકી કદમ તું છાવણીમાં, સાથ અમારી ચાલ;
શૈદેહ.—કાંય નહી ઉઠતી તું કેહની, છે તું શું બેહાલ.—જરા.

અબયાત.

તેહમિના—અરે મ્હેરબાનો કરૂં વાત શું;
તુટો પગ મહારો સુઝાઉછ હું.
ખુદા વાસતે લેઇ જાઓ ધરી;
પછી વાત માંડી કહેવસ ખરી.

[નૌશાદ અને શૈદેહ તેહમીનાનો હાથ પકડી તેણીને ઉઠાડી પોતા સાથે લઈ જાયછે, નાચાર થએલો ચકલેહ પસતાવો કરતો આવેછે.]

રૂચીરા છંદ.

ચકલેહ.—ક્હાંનો ચકલેહ, ક્હાંની અકલે, ક્હાંની લાગી આગ અરે!
ક્હાંનો આલિમ, ક્હાંનો જાલિમ, ક્હાંથી આયો નાગ અરે!
ક્હાં તેહમિના, ક્હાંની બીના, ક્હાંનો આ સંજોગ જુવો,
ક્હાંનો ડાહયો, ક્હાંનો વાહયો, ક્હાંથી લાગાં ભોગ જુવો.
જુઠે બ્હાંને, બુરી શાને, આખર પસતાઉછ હવે,
કાળે મ્હેરે, હારાન્ શ્હેરે, પાછો હું જાઉછ હવે.

[ચકલેહ પોતાની બુરી ચાલથી હાર ખાઇ; પસતઇને પાછો હારાન શ્હેર તરફ જાયછે.]

—o—

બાબ બીજો—દેખાવ તીજો.

શ્હેનશાહ નૌશાદનાં યમન શ્હેરના મ્હેલનો બાગ.

[શેદેહ, તેહમીના સાથે દાખલ થઇ તેણીની આગળ પોતાનો પ્યાર જાહેર કરેછે, તેહમીના પોતાને નાલાયક જણાવે છે.]

રાહ ઇંગ્રેજી—Next Sunday afternoon.

શેદેહ——મ્હોબત કરવી તો તે સાથે કે જે બસ નેકજ હોય,
ફિતકાર પડો તેપર કે જે દોલત ને રૂપજ જોય;
મુજ મનગમતી તું મળી, કરૂં નેકા તો ત્હારી સાથ,
બસ બોલ નાજની કેમ હવે તું દેશે ત્હારો હાથ?

તેહમિના—(કોરસ) તમ શ્હેનશાહની તોખમના, હું તો ગરીબ લાચાર;
ગોલાબ થુવર એકજ ક્યારે, તો કબૂ ન દેશે બ્હાર—તમ.

શેદેહ——ત્હારા જેવી દાના ઓરત દુનિયામે જવળજ જોઈ,
જો શાદિ કરૂં તો તું સાથે નહિ કે શાહજાદી કોઈ;
મુજ પેદરને તો સમજાવસ જબરી હું ભીડી બાથ,
બસ બોલ નાજની કેમ હવે તું દેશે ત્હારો હાથ?

તેહમિના—(કોરસ) તમ શ્હેનશાહની તોખમના હું તો ગરીબ લાચાર;
ગોલાબ થુવર એકજ ક્યારે, તો કબૂ ન દેશે બ્હાર—તમ.

શેદેહ——વિન જડત નગીનો નહિ શોભે રૈયત વિન તેમજ રાય,
ચાહે એવાં ફુલનો તોરો નહિ પાન વગર શોભાય;
અદના છે તો આલા શોભે, નારીથી શોભે નાથ,
બસ બોલ નાજની કેમ હવે તું દેશે ત્હારો હાથ?

તેહમિના—(કોરસ) તમ શ્હેનશાહની તોખમના હું તો ગરીબ લાચાર;
ગોલાબ થુવર એકજ ક્યારે, તો કબૂ ન દેશે બ્હાર.—તમ.

[બાગમાં પાણી વગર ઝાડને કુમળાયલાં જોઈ શેદેહ ચોંકેછે.]

અબયાત.

શૈદેહ———નથી સિખ્યું ખરે પાંણી ગયો આજે કહાં માળી,
ભુલી શું તે ગયો ગાફેલ કે હાં આવશે વાલી;
શિતાબે જઈ કરી તાકિદ ફરી આણીંચ હાં ચાલી,
વિચારી તેટળાં તું લે જરા આ વાત ઓ વ્હાલી.
[શૈદેહ માલીને હુકમ કરવા જતાં જતાં પોતા સાથે પરણવા માટે તેહમીનાને વિચારવા કહી જાયછે. શૈદેહનો સખુન કબુલ કરવો કે માજીયારને આપેલો કોલ પાલવો તે વિશે તેહમિના વિચાર કરેછે.]

ગોંડ મલહાર—ગીત.

તેહમિના—ઓલું કેમ ભરમ રે મ્હારો,
સુખન મ્હને મુજનો છે પ્યારો,
કરૂં કબુ નહિ હું તે ન્યારો.—ઓલું.
આવો સરસ ખાવિંદ મુજને, મળશે નહિ બીજો મતવારો—ઓ.
ફરી ફરી વિચારતાં મનમાં,
છુટે છુટે ધ્રુજરાં મુજ તનમાં;
એની સાથે જો નેકાએ શોધું સુખ ક્યારો,
તો નહિ જાવા દેશે મુજને, થઈ હુજતી આરો;
મ્હારો માજિયારને કોલ દિધેલો થશે જુઠ સારો.—ઓલું.
[માલીને હુકમ કરી આવી શૈદેહ તેહમીના પાસે પોતાના સવાલનો જવાબ માંગેછે.]

મુસલ્લસ.

શૈદેહ——જરા હવે તું કેહ નાઝની ત્હારો નેક જવાબ,
ભરમ ભેદનો વાંચ ખુલાસો ખોલી જિગર કિતાબ,
મ્હને કેમ તું દસ્ત બક્ષશે? પ્યારી બોલ શિતાબ?
[તેહમીના પોતાના પિતાનો હુકમ મલે ત્યાં સુધી શૈદેહને થોભવા કેહછે.]

દેશ મલ્હાર—ખ્યાલ.

તેહમિના—હમણા શાહજાદા ધીર ધરો;
આ વાત હાલ મોકુફ કરો.—હમણા.

મુજ પેદરનો આ બાબદનો;
હોકમ તો જોઇયે ખરો.—હમણા.

[શૈદેહ અધીરો થઇ અરજ કરે છે.]

ગૌંડ મલ્હાર—ઠુમરી.

શૈદેહ——સમજ સમજ મુજ સુખન તેહમિના;
અજિજ જિગરનાં ચમન તેહમિના.—સમજ.
મરશ મરશ તું વિન હું તલપી;
કરશ ન તું વિન લગન તેહમિના.—સમજ.

[સામનેથી નૌશાદને આવતાં જોઇને.]

પિદર યહાં આવેછ મહારા;
સરસ થયા જો સગન તેહમિના.—સમજ.

[શૈદેહ બાપની બીહીકથી તેહમીનાથી છુટો થયછે. તેહમીનાને માઝીયારને આપેલા કોલનો બાબ યાદ આવવાથી તે કોલ અદા કરવાની ખાયશ થાયછે.]

તેહમિના—હવે તેહમિના કાંય વિસરેચ ફર્જ;
ગમે તે બને કર અદા નેક કર્જ.
થઇ રાત તન એકને એક બાબ;
બને જોઇને હાય સીનું કબાબ!
ઉભો રહેછ આવી અરે માજિયાર;
રડી કહેછ કે, "હાય એયો શિકાર.
પુકારેછ કે બસ હવે હું મરૂંછ;
મુરાદે તવળતોજ પાછો ફરૂંછ.
થયું કામ મ્હારૂં ફતેમંદ પાર;
હવે કાંય નાહક લગાડેછ વાર?
વચન તોડિયો, જા બુરો પામ ફેજ;"
કહી એમ ધુંરકેછ બાગે મ્હનેજ.
વલી શાહને ખત પહોંતાંછ કાલ;
જણાવેછ જે તેહનો સખ્ત હાલ.
મલી માયબાપો જવાની હતીજ;
છુટાં કેદથી થૈછ એવી પતીજ,

હવે મ્હાર ત્યાં કાંય થોભવું નકામ;
ખરા જાઇ પાડું વચન ને કલામ.

[નૌશાદ આવેછે, તેહ્‌મીના નૌશાદ પાસે રજા માગેછે.]

તાહતુલ લફ્જી.

તેહ્‌મિના——બખશો આ અરજ ઓ નેકનામ;
મુજને જવુંછ પરગામ.
માંગુછ રજા હું ટૂક વખતની;
પડિયુંછ અગતનું કામ.

નૌશાદ——ઠિક છે જલદી તું પાછી ફરજે,
રાખજે પિદરની ફામ.

[તેહ્‌મિના નમેછે, નૌશાદ જાયછે. તેની પાછલ તેહ્‌મીના રવાના થાયછે.]

——o——

બાબ બીજો—દેખાવ ચોથો.

હુમાવશનનું બંદીખાનું.

[બંદીખાનાના પેહલા ઓરડામાં ખુરશી ટેબલ, લખવાનો અસબાબ તથા બીજા ભાગમાં રશીદ તથા ગુલખોર્શેદ અફસોસ કરતાં જણાયછે. બાહાર ચોકીદાર પેહેરો ભરતો દેખાયછે.]

રાહ ઇંગ્રેજી—My old kentucky home good night.

ગુલખોર્શેદ——ખુદા રાખે તેમતો ખુશ રહી, સબર, શુકર કરો;
સુખે હર્ખીના ગડ દુઓ સહી, એ ધડા તો ધ્યાનમાં ધરો.
દુખી દહાડા નિત નહિ ટકશે, જયમ ન, ચમન, રહ્યું
મ્હાશે દાદાર ઝટ દુર્ થશે, ઓ અજિજ સમજો કહ્યું.

(કોરસ) ના રડો ગમથી, રે ના રડો ત્હમે;
બસ રાખી ધીરજ તેમજ રહો, જેમ દાદારને રે ગમે.
નહી રહેશે ફસ્લ એકજ સદા, ગરમ, નરમ કદી,
બને શાહા મિસ્કિન અને ગદા, રે સુકે સાગર ને નદી.
અરે આપમે નિત સુરજ જુવો, દિવસ ખતમ કરી,
વર્ષા વર્ષાદ ઝટ ભરે કુવો, તેજ સુરજ ઉગે ફરી.
(કોરસ) ના રડો ગમથી, રે ના રડો ત્હમે;
બસ રાખી ધીરજ તેમજ રહો, જેમ દાદારને રે ગમે.

[ગુલઓર્શીદના રડવાથી ચોકીદાર ગુસ્સે થઈ તેણીને ચૂપ રહેવા કેહછે.]

દોહરા.

ચોકીદાર—ચૂપ ચૂપ અય બ્યાનતી, જુઠ ઢોંગ ના કર,
રોજ ઉઠીને તાહરો, કહયો મરેછ પિદર.
ક્ષુટટાં ફરતાં રખ્યિયાં, તો બેઠી ગઈ બહાર;
બહૂ જાપતો જોઇને, હવે રડેછે મકાર?

[ચોકીદાર બબરતો બબરતો જાયછે, રશીદ ચોકીદારના તાનાથી અફસોસ કરેછે.]

છપ્પો.

રશીદ——જેહેની ચહડતી જોઈ વાઘબી દેખી કાંપે,
તેહેની પડતી જોઇ કરડવા કોલું ત્રાંપે;
જેહેની ચહડતી જોઈ ઉંચબી ઉંચો ધારે,
તેહેની પડતી જોઈ નીચબી લાતો મારે;
કરર કરર કરતા દાંત જે, પત્થર કરડી ફાવતાં;
ઉલટે બખ્તે ટૂટી પડે, માવો મોંમાં ચાવતાં.

[હોસીબ પેહલા ભાગમાં એક હાથમાં સમોસાની રકાબી તથા બીજા હાથમાં કાગજ લઈ દાખલ થઈ વાંચેછે.]

રાહ ઇંગ્રેજી—Lilly Dale.

હોસીબ—ખત આ કર્સેવજનું લખ્યું મળિયું મૂબારક આજ;
બસ એમાં લખે, ખુબ લાભ થાશે, કબુ થાય સફળ જો કાજ.
(કોરસ) રોજ તો આજનો ખૂબ છે નેક;
આય બે જાન શુ પણ કરૂં લાઓ મુરદાં ઝટ પળમાં એક-ખત.

[ખીસાંમાંથી જેહરની શીશી કાહડેછે.]

પૂર છે ઝેરે અરધી શીશી, હરખી બેઉં અનજાન;

[ઝેહેર સમોસાપર નાખે છે.]

ખુશીઓથી સમુસા બ્હેકતા દેઈ કરૂં ઝટપટ બેજાન.

(કોરસ) રોજ તો આજનો ખૂબ છે નેક;

આય બે જાન શું પણ કરૂં લાખો મુરદાં ઝટ પળમાં એક.—ખ.

[બદીમા આંધલો થયલો હોસીબ, કસેલજનુ કાગલ ભુલમાં ટેબલપરજ મુકી, સમોસાની રકાબી લઈ, રશીદ તથા ગુલઓરોદને આપવા જાયછે, તેવામા શાહનશાહનો કાસદ દાખલ થઇ તેને એક કાગલ આપી બાહાર જાયછે. હોસીબ કાગલ વાંચી સમુસાની રકાબી ટેબલપર મુકી તેને રૂમાલે ધાંકી અફસોસ સાથે હાત ચોલે છે.]

મુસદ્દસ.

(સ્વગત) થઈ બરબાદ સહુ તદબીર ઉલટી,
થયો લાચાર જો તકદીર ઉલટી.
દિશે દિલ આઈને તસવીર ઉલટી,
ઉમેદી સહુ બની તહરીર ઉલટી.

[હોસીબ વિચાર કરી દિલને ધીરજ આપેછે.]

થવાનું તે થયું, ગમ ના જિગર કર,
પવન પર પીઠ પકડી ના ફિકર કર.

[હોસીબ ખુશીના દેખાવે રશીદ તથા ગુલઓરોદને છુટકારાની ખબર આપવા જાય છે]

પરજ—ધ્રુપદ.

હોસીબ—શાહનો ગયો કહેર, તમપર થઈછે મ્હેર;
તેડે યમન શ્હેર, આજે.—શાહનો.
આપુંછ ખત આજ, ઝટપટ છુટક કાજ;
રાખીછ તમ લાજ, દાજે.—શાહનો.
ખત પ્હોચતાં વાર તેડે તુરત યાર;
ચાલો બનો ત્યાર, સ્હાજે.—શાહનો.
કરજો મુજ વખાણ, કેવો કદરદાન;
છેઊં પાસબાન, કાજે.—શાહનો.

[હોસીબ બેડી કાહડે છે, તેટલા વખતમાં ચોકીદાર આવી ટેબલ પરના સમોસા જોઇ હરખાય છે.]

તાહતુલ લફ્જી.

ચોકીદાર—ગરીબ કાજે, ખુદાય આજે, તમેજ દાજે, દિધા સમુસા;
ન એક રાખી, રકાબિ આખી, દરેક ચાખી, ભરૂંછ ડુસા.
સહૂ ચરેલા, બહૂ ભરેલા, ઘણા તરેલા, થયાછ તાજા;
ભલે મહારૂં, બને નઠારૂં, ન કાંય મારૂં, હવે ડબુસા.

[જલ્દી જલ્દી સમોસા મોહડામાં દાબી રૂમાલ ધાંકી જાયછે. હોસીબ, ગુલ તથા રશીદને લઈ પેહલા ઓરડામાં દાખલ થાયછે અને કસેવજના કાગજને ટેબલપર ઉંગાડું જોઈ ચોકીને તેની ઘડી કરી બાજુપર મુકેછે. કાસદ દાખલ થાય છે જેને જોઈ રશીદ તેહમોના વિશેનો ખબર પુછેછે. હોસીબ શાહપર એક કાગજ લખી, તેને બીજી બાજુ પર મુકી ઍનવેલપપર સરનામુ કરી, ભુલમા શાહપર લખેલાં કાગલને બીડવાને બદલે કસેવજનુજ કાગલ બીડી, શાહપર લખેલાં કાગલને ફાડી નાખેછે.]

પરજ—ખ્યાલ.

રશીદ——મુજ અજિજ નામવર દિકરી,
જે મુજ વાસ્તે શાહ આગળ જઇ,
બંધ છોડવાને નિકરી.—મુજ.
નામ તેહમિના તેણીનું છે, છે શું ત્હાં કેહ બ્યાન કરી-મુજ.

બયત.

કાસદ——નહીં જાણતો હુ હકીકત કઈ,
છઊં એક કાસદ શાહાનો સઈ.

[હોસીબ બીડેલું કાગલ કાસદને આપેછે.]

બયત.

હોસીબ——લઈ સાથ બેહુજનોને, જવાબ;
હવાલે શાહાને કરીદે શિતાબ.

[કાસદ બંને જનો સાથે નમીને જાયછે, તેવામાં ચોકીદાર હાંફતો લથડતો આવી તેના પગપર પડી પ્રાંણ છોડેછે, હોસીબ સમોસાની રકાબી હુંગાડેછે અને તેને ખાલી જોઈ પસતાયછે.]

અંક ત્રીજો–પ્રવેશ પહેલ્લો.

ચમન શહેરનો એક બાગ.

[કુર્ગ તથા ગુર્ગ બેહરાંમ આગલ બાગની
તથા નજદીકના કુવાના પાણીની તારીફ
કહી સમ્ભલાવે છે.]

રાહ ઈંગ્રજી– Nelly was a lady.

કુર્ગસાર—આ બુરા ઘટા સમ કોઈ, જોઇ જગતમાં નહી;
જહાં નિત હસેછ દરોઈ, ઝાડો પમરતાં રહી.
સઘળા—(કોરસ) ફૂલો ને ફળોથી ડાળો બની:
બેહેસ્ત જેવી ખુશ્નુમા હવા ચમનની.
કુર્ગસાર—છે ગુલભરી ગુલજારો, નર્ગિશ ગુલબાસથી;
કિસ્મિસ બદામ અનારો, બ્હેકે સરસ વાસથી.
સઘળા—(કોરસ) ફૂલો ને ફળોથી ડાળો બની;
બ્હેશ્ત જેવી ખુશ્નૂમાં હવા ચમનની.
કુર્ગસાર—તાસિર કહું આ કુવાની, આબ સરસ અજમતી;
થી નિત રહેછ જુવાની, જોવો નજરથી બતી.
સઘળા—(કોરસ) ફૂલો ને ફળોથી ડાળો બની;
બ્હેશ્ત જેવી ખુશ્નુમા હવા ચમનની.

[બેહરામ વાંકો વળી કુવાના પાણી જોયછે, તે તકનો લાભ લેઈ ગુર્ગ બેહરામનુ ગળું દાબેછે, કુર્ગ તેનાં બીસામાંથી ગવહર કાહડી લઇ તેનાં પગ પકડી તેને કુવામાં નાખવા ચાહેછે, તેવામાં તેહમીના દોડી આવી કુર્ગને પકડી તેને ખંજર દેખાડેછે, કુર્ગ બીહીકથી ચુપ ઉભો રેહછે. બેહરામ પોતાનુ જોર અજમાવી ગુર્ગને જમીન પર પટકી તેની છાતીપર ચહડી બેસેછે. તેહમીના સિપાઇને પોકાર કરી બોલાવેછે.]

કાલિંગરો—પદ.

તેહ્મીના——ઓ ખૂન ખૂન કોઇ આવો;
છોડો જાલિમ ન સતાવો રે.—ઓ ખૂન.
અરે સિપાઈ! સિપાઈ! સિપાઈ!
ઝટપટ હ્યાં બોલાવો રે.—ઓ ખૂન.
[બે સિપાઈ દોડી આવેછે.]

એક સિપાઇ—શું છે શું છે ખૂન કોણનું;
ખૂની તુરત બતોવો રે.—ઓ ખૂન.

તેહ્મિના——આ બેહૂ જન ખૂનીઓ છે,
નાઓ બેડી લાવો રે.—ઓ ખૂન.
[તેહમીના તથા બેહરામના બતાવાથી સિપાહીયો કુર્ગ તથા ગુર્ગને પકડે છે.]

કાલિંગરો—ગજલ.

બેહરામ——જુઠી જગમાં ન રાખો કોઇપિર ઇતબાર યારો;
ફરેસ્તાને લિખાશે હ્યાં ફરે બદકાર યારો.—જુઠી.
ફરેબી વાત મીઠી બોલશે જેરી જબાંએ;
ગલે કપટે લગાડી ફેરવે તલવાર યારો.—જુઠી.
મ્હને આ શ્હેરમાં લાયા ગવ્હર મુજ વેચવાને;
લુટી, નાખી કુવે કરતા હતા શેકાર યારો.—જુઠી.
[બેહુના ઝડલી લેતાં કુર્ગ પાસેથી રતન મળેછે.]

કુર્ગસાર——જુઠી છે સહુ બિના, છે આ ગવ્હર સાચે અમારૂં;
અરે નાહક સતાવો ના ગરિબ લાચાર યારો.—જુઠી.
[તેહમીના કુર્ગ તથા ગુર્ગને પોતાને પણ લુટનાર તરીકે ઓળખી બંધેને જુદા પાડી જોયલી હકીકત કહી સમ્ભલાવી પોતાનુ નામ ઠામ સિપાહીને લખવા કહી પોતે શાખસી પુરવા આવશે હેવું કહી અગતનાં કામ સારૂ તુરત તો જવા ચાહેછે.]

અબયાત.

તેહ્મિના——અરે ખૂનીયો ના કરો જૂઠ વાત;
તમે જ્હાર સાચેજ છો નેકજાત.
ખુદાને કુવામાં ઝુકવવા ન કામ;
ગરજ શું ત્હમોને પડી આ મુકામ?
દિઠો આપ મેં હાલ નજરો નજર;

તમ્હારા સુખ્ખનથી ખરૂં કયમ સબર ?
ખરૂ બોલવામાં નથી કાંઇ બ્હીક ;
પુરશ સાખશી હું રાહાની નજદીક.
પિછાણુંછ ત્હમને ત્હમે એજ ચાલ;
ચલાવી મહારા કિધા એજ હાલ.
અગતસર જઈ હું કરશ બસ શિતાબ ;
ગવાહી પુરશ રાસ્ત હું એહ બાબ.
(સીપાઇઓને)—અગર જુઠ સમજો કહ્યું નેક નામ;
ન લેતા તમે કાંય મુજ નામ ઠામ ?
નહી તો કસમપર ગવાહી કલામ ;
લખી તુર્ત લેવો જુબાની તમામ.
[સિપાહી ગવાહી લખી લેછે.

—o—

બાબ ત્રીજો—દેખાવ બીજો.

હુરાન શ્હેરના હાકમ માણેજ્યારની દરબાર.

[માણેજ્યાર, ચકલેહ તથા નોકરો દાખલ થાયછે,
માણેજ્યાર બેસે છે, ચકલેહ ઓરત જાતની
તથા તેહમીનાની બેવફાઇ કહી સમ્ભલાવે છે.]

રાહ ઇંગ્રેજી—Massa in the cold cold ground.

ચકલેહ—નાર સમ બસ બુરી ન કોઇ જહાંનમાંહ્ય,
પાપ અસલત પૂરી, નહિ કબુ સાચી થાય ;
જ્હાર મતલબ જાંણી જોઇને છોડીછ,
દેહપર દુખ તાણી–હમ ગમમાં રોડીછ.
(કોરસ) તેહમીના કહાં છે, કહાંછે રાસ્ત કોલ;
માહ છ બસ ગયાછે, તુરત કરોની તોલ—નાર.
[માણેજ્યાર ઓરત જાતની તથા તેહમીના-
ની તારીફ કરેછે.]

માણેજ્યાર—નાર સુખ્ખન ન તોડે ભલે જો જીવ જાય,
કુલ સુખ ઝટ છોડે, પણ નહિ જુઠી થાય ;
વખતપર હરખીને આવતી હોશેજ,
તું સુરત પરખીને અજબ થઈ જોશેજ.

(કોરસ) સાચી છે નારી, સાચા છેજ કોલ;
સાચ સુખન સુધારી, સત બસ બોલે બોલ.

ચકલેહ—તે કશુ નહિજ આવે, બનીછે દૂર ગેબ,
જો સુરત બતલાવે, શરત કરૂં સાહેબ;
બ્યાનત તુરત દેજો, કેહજો નાદાન,
તે વખત બસ લેજો ઝટપટ મ્હારો જાન.
(કોરસ) તેહમીના કહાં છે, કહાં છે રાસ્ત કોલ;
માહ છ બસ ગયાછે, તુરત કરોની તોલ.
[દરબાન દાખલ થઇ અરજ કહેછે.]

અબયાત.

દરબાન—મુસાફર બિગાનો ઉભો બ્હાર એક;
ત્હમારી ચહાએ મુલાકાત નેક.
માઝીયાર—શિતાબે ભલે તેહને લેઇ આવ;
બહુ ઇજ્જતે રાહ હયાની બતાવ.
[દરબાન જાયછે, તેહમિના આવેછે, જેને જોઇ ચકલેહ ચોંકેછે, તેહમિના પણ ચકલેહને જોઈ અજાણ થાયછે અને પોતે વચન પાળવા આવીછે હેવું માઝીયારને જાહેર કરેછે.]

આશાવરી—પદ.

તેહમિના—હું ચશમ આપવા આવી આજ, આવી વચનને કાજ.—હું.
રાજી થઇને આપું બસ વિન દામે સુખ સ્હાજ;
તનમન ધન કુરબાન કરૂં હું આજ ગરીબનવાજ.—હું.
[તેહમીના ચકલેહની બદચાલ માટે તેને ઠપકો આપેછે.]

બોલ અરે ચકલેહ બોલ તું, રૂંધાયો શું અવાજ?
કેવો સિતમ કિધો જંગલમાં લુટવા મ્હારી લાજ.—હું.

આયો મુજ પાછલ જાલમ એ પ્હેરી નેકી તાજ;
પણ યજદાંએ મ્હને બચાવી રાખી દિલમાં દાજ.—હું.

[માજીયાર તેહ્મિનાને વફાદાર જોઈ ચકલેહ્ની
ફરયાદ સાંભલી તેનીપર ખફા થાયછે.]

જોગિયા–સાખી.

માજીયાર——રે શયતાન આય જૂલમ તેં કેવો કીધો ભારી,
જે દેખી આસમાન ટૂટે ધરતી ફૂટે સારી;
મેઘ કભુ નહિ વરસે, તુજ પાપે દુનિયા તરસે.

ચકલેહ્——જુઠું આ તોહમત મુજપર છે રે ઓ સાહબ શાણા,

તેહ્મિના——શાનો ધા હાથે છે, આ કોની તસબીના દાણા;
જાલમ જોઇ લે, ઝટ તું જવાબ મુજને દે.

[ખેંચતાણ કરતાં તેહ્મિનાનાં ખંજરથી થયલા
ઘસારાની યાદ તેહ્મિના ચકલેહ્ને આપેછે
તથા નીચે પડતાં ચકલેહ્ની તસબીના દાણા
હાથમાં આવી ગયા હતા તે માજીયારના હા-
થમાં આપેછે. માજીયાર દાણાની નીશાનથી
વધુ ગુસ્સે થાયછે.]

માજીયાર——કેમ હવે શયતાન કેહછ શું, શું તસબી છે ત્હારી?

[પોતાને નાચાર જોઇ ચકલેહ્ જમીનપર પડી
પોતાનો ગુનાહ કબૂલ કરેછે.]

ચકલેહ્——હા સાહેબ, થઇ સાચે આ એકજ તકસિર મ્હારી?
માફ કરો આજે, રે જઇરી મ્હારી લાજે.

[ગુનાહ કબૂલ કરવાથી માજીયાર ચકલેહ્ને ક-
તલ કરવાનો હુકમ કરેછે.]

માજીયાર——કૂહાં છે ઓ જલ્લાદ તેજ તલવાર મ્યાનથી કહાડી,
એની ગરદન એકજ ઝટકામાં તું નાખ ઉડાડી;
જહાંનમ રાહ્ માપી, ઓછો થાય એક પાપી.

[નજદીક ઉભેલો જલ્લાદ માઝીયારનો હુકમ બજાવા જાયછે. તેને તેહ્મિના અટકાવી ગુઢણપર પડી માઝીયારને અર્જ કરી રહેમ દીલથી ચકલેહ્ માટે માફી માગેછે.]

આશાવરી—ગજલ.

તેહ્મિના——એક મ્હારી અર્જ સાહિબ સાંભળો આજે;
દસ્ત જોડી કુર્નસે લાગુંછ તે કાજે.—એક.
જે થયું તે માહરાં બખ્તે સહૂ કીધું;
જૈફ્ના એકજ ગુનાને મ્હોત નહિ છાજે.—એક.
એટલું બક્ષો, પછી હું ખારને પકવું;
એક માફી તો ખુદા પણ દેછ દિલ દાજે.—એક.

[તેહ્મિનાને રહમદિલ જોઇ માઝીયાર દોસ્ત દુશમન વચ્ચેનો તફાવત કહી સમ્ભલાવેછે.]

છપ્પો.

માઝીયાર——દોસ્ત મરો નાદાન, ગરજ દુશ્મનની સારે,
દુશ્મન જિવો સુજાન, જેહ આફતથી તારે;
દોસ્ત મરો નાદાન, જેર જે ભુલથી આપે,
દુશ્મન જિવો સુજાન, સલુકથી દુખ જે કાપે;
નાદાન દોસ્તને ના કદી, છૂપી વાતો કેહજે,
જો થાએ દાના દુશ્મની, બેદ્હેશત બસ રેહજે.

[રસ્તામાં ખર્ચી ખુટી જવાથી કાસદ મદદ માંગવા સારૂ ગુલ તથા રશીદને લઇ માઝીયાર પાસે આવેછે, અને તેહ્મિનાને ગુઠણપર પડેલી જોઇ તથા પાસે જલ્લાદને નાગી તલવાર સાથે ઉભેલો જોઇ તેહ્મિનાને મુસીબતમાં ગિરફ્તાર થયલી સમજી તેણીને ગલે લગાડી ગુઠણપર પડી માઝીયાર પાસે આજજીથી રહમ ચાહેછે. તેહ્મિના હરખથી બેસુધ થાયછે, માઝીયાર આ બનાવથી વિચારમા પડેછે.]

જોગિયા—પદ.

ગુલ-રશીદ——ના કરો જખમ કારી—
રશીદ————એ છે બેટી મ્હારી.—ના કરો૦
ગુલ-રશીદ——એજ અમારા સુખનો તારો, એજ ચરાગ અમારો;
રે દુખિયાંને યારો, કાંય મારો, તેગ ભારી.—ના કરો૦
ગુલખોરશેદ——તકસિર એવી થઇ શું મોટી, કહો રાસ્ત કે ખોટી;
હું કરી લ્યાંજ કોટી, મરશ લોટી, કરશ જારી.-ના કરો૦
ગુલ-રશીદ——બેશક કાપી રહેંસી અમને કરો હવાલે જમને;
ટકવો એના દમને, કરૂં તમને મિનત જારી.—ના કરો૦

[માજીયાર ગુચવાડો દૂર કરવા તેહ્મિના તથા રશીદને દિલાસો આપેછે.]

તહતુલ લફ્જી.

માજીયાર————અરે ના રડો ના રડો માય બાપો;
અરે ના કરો રે નકામા બળાપો.

[તેહ્મિના હોશમાં આવી માબાપને ઓળખી તેઓને ધીરજ આપેછે.]

તેહ્મિના————નથી મારતું કોઈ લ્યાં આજ મુજને,
નથી મેં કિધાં કાંઈ પાપો;
નથી કોઇની બી ગુનાગાર હું તો,
નથી મેં લીધા કાંઇ શ્રાપો.

[માજીયાર, તેહ્મિના આંખ સારી કરવા આવીછે એવું જાહેર કરેછે.]

માજીયાર————મને ચશ્મ આપી કરી દેખતો બસ,
સદા દૂર કરવા વિલાપો;
યહાં નેક આવીછ દીકરી ત્હમારી,
નિભાવી વચનનાજ છાપો.

[રશીદ, માજીયારને આંધળો જાણી તુરત ખુશાથી અંજન આંજવાની અરજ કરેછે.]

રશીદ———દવા આંખની એક મુજ પાસ છે હયાં;
અગર આંજવા હુકૂમ આપો;
જુઓ દર્દ તેથી દફે કુલ થાશે,
જશે જીવનો ઝટ જલાપો.

અબયાત.

માજીયાર——સરો ચશ્મથી હું ખુશી છેઉં ભાઈ;
વગર દૂહેશતે દે લગાડી દવાઈ.

[રશીદ ખીસામાંથી ન્હાની શીશી કહાડી તે માહેલી દવા સલાઈયે માજીયારની આંખમાં આંજેછે, આ બનાવને કાસદ સગુન તરીકે જાહેર કરેછે.]

કાસદ–(સ્વગત) ભલે રાહ ખરચી ખુટી સહુ ગઈ;
મુલાકાત જેથી ભલે આ થઈ.
ખરચ માંગવા હ્યાંજ આયો ભલે,
વળી એહુને સાથ લાયો ભલે.

[અંજનની અસરથી માજીયાર અજાયબી સાથે દેખતો થાયછે, અને રશીદની તથા તેહ્‌મિનાની તારીફ કરી, ચકલેહ્‌ને ઠપકો આપી તેને તેહ્‌મિનાને પગે લાગવા કેહેછે.]

માજીયાર—— અહાહા ! કહેવી અજબ આ દવા,
ઉડીને ગયું દર્દ મિસ્લે હવા !
ખરી આ દવા ને ખરો આ હકીમ; [રશીદને બતાવી.]
ખરી બેરખ્વા એ, [તેહ્‌મિનાને બતાવી.]
બુરો તું ગનીમ [ચકલેહ્‌ને બતાવી.]
દયાથી જહેને બચાવ્યોછ જાન;
પગે લાગ એને તજી જા મકાન. [તેહ્‌મિનાને બતાવી.]

[ચકલેહ્‌ માજીયારને નમી તેહ્‌મિનાને પગે લાગી પસતાવો કરેછે.]

ચકલેહ——કસમ પાક દાદારના લેઈ આજ;
કહુંછ કે ફરી નહિ કરૂં આય કાજ.
અરે એક પાપે કિધું સર્વ ધૂળ;
સવાબો ફના સહુ થયાં હાય ફૂલ.
ખુદાવંદ કરશે મ્હને કેમ માફ;
ખરે જેહનો છેજ ઇનસાફ સાફ.
કરશ જિંદગી આ રડીને તમામ;
હમેશાં પિવશ આંસુઓનીજ જામ.
મગર હું ત્હને એ ખરી નેકજાદ;
દુઆઓ ગુજારી કરશ રોજ યાદ.

[ચકલેહ માઝીયારને પગે પડી જાયછે, તેહમિના માઝીયાર પાસે રૂખસત માગી શાહનશાહ નૌશાદ તરફ જવા ચાહેછે.]

માલકોશ—પદ.

તેહમિના——રજા આપ બક્ષો મહેર્બાન આજે;
જવાને યમન શાહ મુલાકાત કાજે.—રજા૦
અદલ હાકમી નિત ફતેમંદ ગાજે;
ખુદા સહુ સુખોથી તમોને નિવાજે.—રજા૦

માઝીયાર——સરોપાવ મુજની તરફથી કબૂલી,
સદા રેહજો બહુજ સુખને સહાજે;
રૂકો એક આપુંછ તે લેઈ જાવો,
લખું શાહ પર તુર્ત હું નેક દહાજે.—રજા૦

[માઝીયાર શાહનશાહ નૌશાદપર એક તેહમિનાના બાબમાં નામું લખી આપવા તથા સીરોપાવ આપવા તેહમિનાને પોતાની સાથે લઈ જાયછે. કાસદ તથા રશીદ સિવાયે સર્વે માઝીયારની પાછલ જાયછે. રશીદ તથા કાસદ મદદ માંગવા આવતાં થયલા બીજા લાભ માટે ખુશી જાહેર કરી, જાયછે.]

અબયાત.

રશીદ—(કાસદને) હવે જર ખરે પામશું બેશુમાર;
રહી માંગવાની ન કૈં ગર્જ યાર.

કાસદ————ભલે એક ફેરે થયાં બેહુ કાજ;
છુપી વાત રહિને, રહી સાથ લાજ.

બાબ ત્રીજો—દેખાવ ત્રીજો.

તુરકી શહેનશાહ નૌશાદની દરબાર.

[શહનશાહ્ નૌશાદ, શૈદેહ તથા કર્સેવજ બેઠેલા જણાયછે. કુર્ગ તથા ગુર્ગ સિપાહી સાથે એક તરફ, તથા બેહ્રામ તથા નકીબ એક તરફ ઉભેલા જણાયછે. શૈદેહ તેહ્મિનાની જુદાઇમાં દુખી હાલતે પોતાના બાપ આગળ દુખ રડેછે.]

રાહ ઇંગ્રેજી—La Traviata.

શૈદેહ—ઓ પ્યારી ઓ દિલરોબા મુજની સજની તુજની રાહો જોઉં;
તું કાજે આ તનને હું ઝટકી ઝટકી પટકી પટકી રોઉં.
રે કહાં ગઇ તું કહાં ગઇ તું તેહ્મિના,
રે કહાં ગઇ તું કહાં ગઇ તું પ્યારી;
તું સિવા હું લ્યાં, જીઉં શા સારૂ, જે સારૂં સારૂં, લાગે તે ખારૂં,
તું સિવા હું લ્યાં, જીઉં શા સારૂ, જે સારૂં સારૂં, લાગે તે અકારૂં.—ઓ.
તેહ્મિના તું વિન બીજી હસતી રમતી ગમતી રે નહિ કોઈ;
મેં શુદ્ધી ને સહુ બુદ્ધી પડતાં ખડતાં રડતાં રડતાં ખોઈ.
રે કહાં ગઇ તું કહાં ગઇ તું તેહ્મિના,
રે કહાં ગઇ તું કહાં ગઇ તું પ્યારી;
તું સિવા હું લ્યાં, જીઉં શા સારૂ, જે સારૂં સારૂં, લાગે તે ખારૂં,
તું સિવા હું લ્યાં, જીઉં શા સારૂ, જે સારૂં સારૂં, લાગે તે અકારૂં.—ઓ.

[નૌશાદ શૈદેહને દિલાશો આપી કોઇ બીજી પરીચેહર શાહજાદી સાથે પરણાવી આપવા કેહેછે.]

ભૈરવ—પદ.

નૌશાદ—રે સમજ સમજ મુજ પ્યારા, દાના બેટા મ્હારા;
હરદમ તુજ ગમ દેખી દેખી હોશ ઉડેછ અમારા.—રે સમજ.
પરીચ્હેર શાહજાદી શોધું, આંખો મિસ્લે તારા;
ગુલાબ જેવો ચ્હેરો જે નહિ ચિતરી શકે ચિતારા.—રે સમજ.

[શૈદેહ નૌશાદના કહેવાનો ઇન્કાર કરી તેહ્મિના તરફ્જ પોતાની મોહબ્બત જાહેર કરેછે.]

ભૈરવ પ્રભાતિ—પદ.

શૈદેહ————તેહ્મિના ખરેજ એક દિલનવાજ મ્હારી;
એજ હૂર એજ છે પરીચહેર પ્યારી.—તેહ્મિના.
નેક ખસ્લતો સજે બુરાઇને નિવારી;
એજ નેક સૂરતે દિપે ભલી કુવારી.—તેહ્મિના.
એ ચરાગ એજ ચંદ્ર એજ કમળ ક્યારી;
હું પતંગ હું ચકોર ભવર બેકરારી.—તેહ્મિના.
તેહના વિના જહાંન છે મ્હને અકારી;
નીચ ઉંચ જેહ તેહ એજ છે બિચારી.—તેહ્મિના.

[શૈદેહ તુટેલાં દિલે દરબાર છોડી જાયછે, કાસદ, રશીદ, ગુલ તથા તેહ્મિનાને લઈ દાખલ થઈ નમીને હોસીબનો રૂકો આપેછે. તેહ્મિના માજીયારનો રૂકો આપેછે. નૌશાદ, તેહ્મિના, રશીદ તથા ગુલને બેસવા કહી પેહેલાં તેહ્મિનાનો રૂકો વાંચેછે અને ખુશ થઈ તેહ્મિના તરફ જોયછે. બાદ કાસદે આપેલો રૂકો વાંચી તેમાં રશીદને જેહર દેવાનું કર્સેવજનુંજ લખાણ વાંચી ગુસ્સે થઇ ગુસ્સાને દબાવી કર્સેવજને સવાલ કરેછે.]

ભૈરવી—ગીત.

નૌશાદ——રે કર્સેવજ બોલ શિતાબે શું રશીદનું થયું તે બાબે.—
તુરત દે મુજને જવાબ સિધો, શું ત્હેને ધુના સાચે તે કાધો.
મુજ મન ચટપટ થઈ બસ તજ ઝટ ખટપટ,
સત તું સઘળું સહિતે મુજને જલદી કહી દે.—રે;
[કર્સેવજ ફરેબથી વાત બનાવીને કહેછે.]

અબયાત.

કર્સેવજ——કહું વાત શું ઓ ખુદાવંદ આજ;
કહેતાં મ્હને બહુજ લાગેછ લાજ.
રશીદે રચ્યો દાવ થઈ બેઈમાન;
છિનવવા તમ્હારાં તખત તાજ જાન.
થઈ જો તમ્હારી પતિજ તેહ બાબ;
રવાને હમાવ્રાન કીધો શિતાબ.
અરે પણ જતાં રાહને દર્મિયાન;
જનમકેદથી તે છુટો ખોઇ જાન.
[નૌશાદ કર્સેવજની બનાવટ ભરેલી વાતથી ગુસ્સે થઈ ભરમ જાહેર કરેછે.]

નૌશાદ——અરે બેવફા બેવકુફ બેશરમ;
છુપાવેછ મુજથી ખરો તું ભરમ.
બિના કુલ્લ સાચી મ્હને છે ખબર;
જુઠું સાંભળી કેમ રાખું સબર.
જરા વાંચ ખત આય ઓ બદગુલામ;
[કાગજ તેના આંગપર ફેંકેછે.]
ચશમચોર નાપાક નીમકહરામ.
ન છૂપું રહેશે કદી કોઈ પાપ;
નહી છોડશે તે સગાં ભાઈ બાપ.
ઘડો તાહરાં પાપનો તે મિસાલ;
ફુટો હાથ ત્હારે, થયો પાયમાલ.

ખણે તે પડે, છે કહેવત ખરી;
મરે, જેહ મારે કપટની છરી.
છતી આંખ પણ આંધળો તે થયો;
દરોગો કપટ દાવ ભૂલી ગયો.
સજાથી નહી તેહ પણ છૂટશે;
કંઈ રોજમાં તેહ સર ફૂટશે.
તહારૂંજ ખત બીડિયું ત્યાં શિતાબ;
મહારા રૂકાનો ગણીને જવાબ.
મળ્યો બેધુનાને અદલ ઈનસાફ;
કહી દે હકીકત હવે સાફ સાફ.

[તરકટ જાહેર થયલું જોઈ કર્સેવજ પોતાનું પાપ કબૂલ કરી પ્રથમથી રચેલો પ્રપંચ મંજૂર રાખેછે.]

કર્સેવજ———ખરેખર ધુનેગાર હું છૌ તમ્હારો;
કરી માફ મુશ્કિલ મહારી નિવારો.
અમો સહુ તુરાંની મળી સાથ કીધું;
કપટ જહાર વળિયું નહી કાંઈ સીધું.
જુઠી સાખશી મેં ઉભી કુલ કીધી;
છુટા હાથ રાખી ઘણી લાંચ દીધી.
લખ્યું મેંજ હોસીબપર આય ખત બસ;
અરે બેહુના જાન લેવાજ ઝટ બસ.
કહ્યું મેંજ કે તે હમાવરાન જાતાં;
મુઓ રાહમાં ફક્ત ગમ સખ્ત ખાતાં.

[નૌશાદ ગુસ્સે થઈ તેને કયદ કરવા સારૂ કોટવાલને બોલાવાનો નકીબને હુકમ કરેછે.]

સિંધ ભૈરવી—કાફિયા.

નૌશાદ——— રે કોટવાલ ઝટ લાવી, બે હાથે બેડી નાખરે;
આવી, કરતુકના ફેજ બતાવી.—રે કોટવાલ.
કર ઉભો કેદિયો સાથે, કર લાજ ઇજ્જતની ખાખ રે, ભાવી;
જમ હસેછ એને માથે, ટુકમાં તન કરશે રાખરે, આવી.—રે કોટ૦

[નકીબ સર નમાવેછે, કર્સેવજ ફુર્ગ તથા ગુર્ગ આગળ ઉભો રેહછે, નૌશાદ ઇનિસાફ માટે નકીબને પોકારવા કહેછે.]

દોહરા.

એ નકીબ પોકાર તું, ફ્હાડી પૂર અવાજ;
છે કોઈએ અર્જ હયાં, કરવી મુજને આજ.

[નકીબ ઈન્સાફ ચાહાનારાઓ માટે પોકાર કરેછે.]

નકીબ — ઝઘડા કે ફેસાદ ને, લેણ દેણ કે કર્જ;
છે હર બાબે કોઈને, કરવી શાહને અર્જ.

[બેહ્રામ ગુદણપર પડી અરજ કરેછે.]

ભેરવી—મુસ્તજાદ.

બેહ્રામ — અરે હાથ જોડી પુકારી ગુજારી સુણો અર્જ મ્હારી;
અદલ રાજની નામદારી તમ્હારી સુણો અર્જ મ્હારી.—અરે.
મુસાફર અજાણો ડરૂં હું મરૂં હું તવળતો ફરૂં હું;
લગાડો હવે દાદ યારી વિચારી સુણો અર્જ મ્હારી.—અરે.
મ્હને ગવ્હર બક્ષો મ્હારૂંજ પ્યારૂં અરે હું પુકારૂં;

[દાવો ખબર હોવાથી નકીબ ગવ્હર નૌશાદને લાવી આપેછે, નૌશાદ ફુર્ગ ગુર્ગને સવાલ કરી દાવાની તપાસ કરેછે.]

ઘણા રોજની આજ ખ્વારી નિવારી સુણો અર્જ મ્હારી.અરે.

દોહરા.

નોશાદ — ક્હાંથી લીધું વેચતું, આય ગવ્હર અનમોલ;
કહો ફુર્ગ ને ગુર્ગ કે, શું છે એનું તોલ?

ફુર્ગસાર — ઉધડું મેં લીધુંછ એ, સાંભળજો સુલ્તાંન;
એક મુસાફર પાસથી, ખુતન સ્હેર દર્મ્યાન.

[રશીદ ટીકીટીકીને જોતાં ફુર્ગ ગુર્ગને પોતાના બેટા તરીકે ઓળખેછે.]

રશીદ———ઓ યજદાં કેવું અજબ, જોઉંછું શું આય;
આ બેહૂ કેદી ખરે, છે મુજ બેતા હાય!

નૌશાદ-[બેહ્‌રામને] ક્‌હાં છે ત્હારો સાખશી, તું શું ક્‌હેછે તોલ;
કરવા પતીજ માહરી, સાચ હકીકત બોલ.

[બેહ્‌રામ પતીજ સારૂ પોતાનું નામ દામ સાથે ગવહરનું વજન જણાવેછે.]

ભૈરવી—ગજલ.

બેહ્‌રામ—ખુરાસાની ખરે બ્હેરામ બિન બખ્ત્યાર હું છૌં;
વતન ઇરાનને તિસ વર્ષનો તજનાર હું છૌં.-ખુરાસાની.
સિવા બસ એક ભાઇ નામ નેક રશીદ જ્હેનું;
હતું નહિ કોઇ મ્હારૂં—

[બેહ્‌રામના ખુલાસાથી રશીદ, ગુલ તથા તેહ્‌મિના ખુશી થાયછે, કુર્ગ તથા ગુર્ગ બાપ કાકાને ઓળખી શરમાયછે, રશીદ બેહ્‌રામને ગળે લગાડેછે.]

રશીદ——ભાઇ તે હકદાર હું છૌં.—ખુરાસાની.

બેહ્‌રામ—વજન છે આ ગવ્હરનું તો બરાબર દસ રતીનું;
અરે મુજ ગ્વાહ ગયો ક્‌હાં?

[તેહ્‌મિના ગ્વાહ તરીકે જાહેર થાયછે.]

તેહ્‌મિના-રાસ્ત તે ગોફ્‌તાર હું છૌં.—ખુરાસાની.

[નૌશાદ આગળ ખરી હકીકત જાહેર કરેછે.]

ગવ્હર લૂટી કુવામાં નાખતાં એને દિઠા મેં;

[કુર્ગ તેહ્‌મિનાને ઔરત જોઇ તેણીને જુઠ્ઠી પાડવા ચાહેછે.]

કુર્ગસાર— હતો નર તેહ તો—

તેહ્‌મિના-હા! તેજ નર તો નાર હું છૌં.—ખુરાસાની.

[તેહ્‌મિનાને ખરા ગ્વાહ તરીકે ઓળખી કુર્ગ ગુનાહ કબૂલ કરેછે.]

ફુર્ગસાર— ખરેખર આ ખુના સાહેબ ક્હેવાછે અમોએ;
અમો બેટા ખુરાનો—

[રશીદ તથા ગુલ બાપ મા તરીકે જાહેર થાયછે; ફુર્ગ ગુર્ગ શરમથી પોતાનું સર પોતાની માતાની બગલમાં દાબેછે.]

રશીદ— બાપ—

ગુલ્ખોર્શીદ-મા ગમખાર હું છૌં.—ખુરાસાની.

[શૈદેહ દુખી હાલતે તેહ્મિનાને યાદ કરતો દાખલ થાયછે.]

શૈદેહ— અરે ઓ તેહમિના તું કહાં છુપાઈ હાય મુજથી;

[શૈદેહને દુખી જોઇ તેહ્મિના ખુશી સાથે જાહેર થાયછે.]

તેહ્મિના-નજર કર, જો જરા, લાચાર તે દિલદાર હું છૌં.-ખુરાસાની.

[શૈદેહ તેહમિનાને જોઇ ખુશ થાયછે.]

દોહરો.

શૈદેહ— વ્વાહ જિગરનો જિગર છે, બિછરે ઉપજે સોગ;
અનચિંત ફરી મિલાપનો, ખુદા કરે સજોગ.

[નૌશાદ, માઝ્યારવાળું તેહમિનાની તારીફનું કાગજ શૈદેહને વાંચવા આપેછે, શૈદેહ વાંચી ખુશ થાયછે.]

ભૈરવી—ગીત.

ખુશબખ્તિ આજની અરમાન જાન કાજ.—ખુશબ૦
નેક રોજ આજનો મિલાપનો ખરે ગરિબનવાજ.—ખુ૦

[તેહ્મિનાને લગન માટે શૈદેહ સવાલ કરેછે.]

ખોલ દીલ બોલ શાદિ કોલ આપશે જિગર નવાજ?—ખુ૦

[તેહ્મિના ખુશી સાથે સખુન કબૂલ કરી પોતાનો દસ્ત આપવાનો ઠરાવ જાહેર કરેછે.]

તેહ્મિના— બક્ષિશ બસ કરૂં, આય જિગર ખરૂં;
દસ્ત નહિજ ધરૂં, રે તુજ વગર મુજ સુખ સ્હાજ.—ખુ૦

શેદેહ—— સાંભળ પિદર તું, આ ખુશ વખત હું;
શાદિ અરજ કરૂં, દે હુકમ ઝટ મુજ સરતાજ.—ખુશ૦

બયત.

નૌશાદ—[નફીબને] શરાબી દૌર ચાલૂ કર શિતાબે સાકિઓ બોલાવ;
મિજાલસ શાદ કરવાને તુરત રામશગરોને લાવ.

કુંડળિયો.

ડરતો ના ઇનસાન તું, દેખી આફત રંજ,
ચુસ્ત નેમપર રેહજે, અંતે મળશે ગંજ;
અંતે મળશે ગંજ, રંજનો બદલો રૂડો,
ડગમગ થઈ દુખ જોઇ, કદૂ ના બનતો ભૂંડો;
સાંભળ એ ઇનસાન, વગર મ્હોંતે ના મરતો,
દરિયો તરી અથાગ, જોઇ ખાડી ના ડરતો.

[રામશગર બજવૈયા સાથે તથા શાકીઓ શરાબી શીશા તથા જામ સાથે દાખલ થઇ સરાબનો દૌર ચલાવેછે, રામશગરો બેસેછે.]

અબયાત.

નૌશાદ——ખુશાલી ભર્યા આય હિંગામ કાજ,
કરૂંછ હું સદ્દના ગુના માફ આજ;
નવી બંદબસ્તી કરશ હુંજ કાલ,
ગુજારો દિવસ આજનો ખુશખુશાલ.

[સિપાઇ કુર્ગ ગુર્ગના તથા કર્સેવજના હાથ છોડેછે, તેઓ નૌશાદને પગે લાગેછે, નૌશાદ ખુશી થઇ શેંદેહનો હાત પકડી તેહમિનાને ઇશારાથી આગળ બોલાવી બંધેના હાત મેળવી આપેછે.]

યહાં આવ બેતા હવે થા ખુશાલ;
ખિલાવે ખુદા શાદિથી એકબાલ.

[નૌશાદ બંધેને દુઆ દેછે, જેમા સર્વે ભાગ લેછે.]

ભૈરવી—પદ.

સઘળાં———શાદી સફળ કરો રે.—શાદી૦
નૌશાદ———રોજ માહ ને સાલ મુબારક,
રશીદ-ગુલ——શાદ રંગ ખુશ હાલ મુબારક,
રોશન ખુબ યકબાલ મુબારક,
નૌશાદ———સરપર દસ્ત ખુદા ધરોરે.—શાદી૦
ચંદી સાલ જિવો આરામે,
રશીદ-ગુલ——જયાદા ઇજ્જતને ઇકરામે,
ન્હાઇ દુઆના નેક કલામે,
નૌશાદ———બરકત ઓ યજદાં ભરોરે.—શાદી૦

[સર્વે પોતાની જગા લેછે, રામશગરો નાચ નાચી ગાયછે.]

રાહ ઈરાંની—પિસ્તા.

રામશગરો—ધર શીશો તાબી, શરાબી, ખુશરંગ સાકી ગુલાબી,
પા અંગુરી શિરાજી;
ભર સહુ જામો આજે—મયફિલ વાજે ગાજે,
શાદ બની સહુ નાચે ઉલટ ધરી નાજે;
ભર ભર, ભરી ચાલી પ્યાલી ના રાખતો ખાલી.—ધર૦

ગુલશન પુર સ્હાજે બિરાજે બુલબુલ તો ખુશ અવાજે,
ગાએ ગુલો મિલાપે;
ખુશબો મ્હેકે પુરી ફળ ને ફૂલો નુરી,
સંગ મલી દિપે તેજે સરસ ખુરી;
ભર ભર, ભરી ચાલી પ્યાલી ના રાખતો ખાલી.—ધર૦

[નાચ બંધ પડેછે. સર્વે તેહમિનાની તારીફ કરેછે.]

રાહ ઇંગ્રેજી—Lieutenant Luff.

નૌશાદ-રશીદ-ગુલ—સમજૂ સહૂ આ ખેલ જોઇ ચેતજો ભાઇ,
બસ તેહમિના જેવી સહૂ બેટી થજો બાઇ;
માબાપોને રાજી, નમીને જે કોઇ રાખે,
ત્હેની મુશ્કેલો તો ખુદાય દૂરે કરી નાખે.

સઘળાં–(કોરસ) દુનિયા ફરેબે છે ભરી ચેતી સહૂ ચાલો;
નિત નેક રાહો લેઈને સહુ આફતો ટાળો.—સમજૂ.

નૌસાદ–રશીદ–ગુલ–દિકરા ઘણા દેખી બનો ના હર્ખથી રાજી,
પથરે કહી ના બેટીને બાળો પિદર પાજી;
રૂડી બેટી શીરોઝ કેહછે સૌ હૈડે રાખો,
બોવાળી ભૂંડા લાખ બેટા તે પરથી નાખો.

સઘળાં–(કોરસ) દુનિયા ફરેબે છે ભરી ચેતી સહૂ ચાલો;
નિત નેક રાહો લેઈને સહુ આફતો ટાળો.—સમજૂ.

તમામ શુદ.